• **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પરા અને અપરા વિદ્યાનો સમન્વય | શ્રી યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૫ |
| કોઈ ન પામ્યા તારો પાર | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૧૦ |
| યોગી ગોપાલની મુક્તિ | શ્રી મકરંદ દવે | ૨૦ |
| સમંદરને પેલે પાર | મા સર્વેશ્વરી | ૨૫ |
| A lifetime memorable experience | Ujval Patel | ૩૩ |
| જિંદગીભરનું સંભારણું | નારાયણ હ. જાની | ૩૭ |
| શ્રી સુબ્રોતો બાગ્ચીનું પ્રેરણાત્મક વક્તવ્ય | વિકાસ ચૌધરી | ૪૧ |
| વાંચકોના પ્રતિભાવ | તંત્રી | ૫૩ |
| સભાન શાશ્વતી | પ્રા. તરલાબેન દેસાઈ | ૫૫ |
| પાલનપુરના બે સત્યનિષ્ઠ અને ધર્મનિષ્ઠ શ્રેષ્ઠીઓ | સ્વામી જયાનંદ | ૫૭ |
| છૂટાં પડી શકો છો | યોગેશ્વરજી | ૬૪ |


## ભક્તિસુધા

બકબિડાલનું મન યથા, મીનમૂષકમાં જાય;
કદા એવી રીતે સદા, મમ મન પ્રભુભણી ધાય? ૫૮
વિષયી જેમ વિષયોતણી, વાત સુણે ધરી પ્રીત;
કથા તેમ હું પ્રભુતણી, કદા સુણીશ શુભ રીત? ૫૯
સુણતાં શુભ ગુણ પ્રભુતણા, કદા થઈશ રળીઆત?
નયને નીર ભરીશ કદા, થઈ રોમાંચિત ગાત? ૬૦

**(મહારાજશ્રી નથુરામશર્મા)**

# પરા અને અપરા વિદ્યાનો સમન્વય

શ્રી યોગેશ્વરજી

ઉપનિષદમાં સનત્કુમાર ઋષિ તથા દેવર્ષિ નારદનો વાર્તાલાપ છે. વીણાપાણિ દેવર્ષિ નારદ સનત્કુમારપાસે પહોંચીને કહે છે કે મારા જીવનમાં શાંતિ નથી, તો મને શાંતિ મળે તેવું જ્ઞાન આપો. સનત્કુમારના પ્રશ્નના ઉત્તરરૂપે એ પોતે જેમની અંદર પારંગત છે એવી અનેક પ્રકારની નાનીમોટી વિદ્યાઓનું વર્ણન કરી બતાવે છે, અને કબૂલ કરે છે કે એ વિદ્યાઓ અંતરની ઊંડી શાંતિ નથી આપી શકી.

સનત્કુમારને એ સ્પષ્ટીકરણના પરિણામે કોઈ આશ્ચર્ય નથી થતું, કારણ કે એમનો નિશ્ચિત અભિપ્રાય છે કે બે વિદ્યાઓ જાણવા જેવી છે : પરા અને અપરા. એમાં જેટલી પણ લૌકિક અને પારલૌકિક વિદ્યાઓ કે કળાઓ છે તે અપરાવિદ્યા છે. એમાં શાસ્ત્રવિદ્યાનો સમાવેશ પણ થઈ જાય છે : અને પરા વિદ્યા એ છે જેનો આધાર લેવાથી સર્વવ્યાપક, અવિનાશી, પરમાત્માનો પરિચય થાય છે. નારદજીએ અપરા વિદ્યામાં પૂરેપૂરું પ્રભુત્વ મેળવેલું, પરંતુ પરા વિદ્યામાં એમનો પ્રવેશ એટલો બધો ન હતો થયો એની માહિતી સનત્કુમારે પૂરી પાડી.

સનત્કુમાર અને નારદનો એ વાર્તાલાપ ઘણો મહત્ત્વનો છે. એ ઉપનિષદ્કાલીન વાર્તાલાપનો ચિરસ્મરણીય પ્રસંગ માનવજાતિને માટે એ સનાતન સંદેશ વહેતો કરે છે કે ભૌતિક વિદ્યાઓ અને ભૌતિક ઉન્નતિની જીવનની સુખાકારી અને સમૃદ્ધિ માટે આવશ્યક્તા હોવા છતાં, એમની એક મર્યાદા છે, તથા તે મર્યાદાને જાણી લેવી જોઈએ. એ વિદ્યાઓ માનવમનને સમુન્નત, સ્થિર, સંયમી અને શાંત નહિ કરી શકે તથા



સંવાદથી સંપન્ન પણ નહિ બતાવી શકે. તે ભૌતિક સમસ્યાઓનો ઉકેલ કરી શકશે, પણ આત્મિક પ્રશ્નોને હલ નહિ કરી શકે. આત્મિક પ્રશ્નોને હલ કરવા અને અંદરની શાંતિ મેળવવા માટે તો અંદરની દુનિયામાં ઊંડે ઊતરીને પરમાત્માનો સાક્ષાત્કાર કરવો પડશે. એ દ્વારા વિભિન્ન વસ્તુઓમાં વ્યાપ્ત પરમાત્માની પરમ સત્તાનો અનુભવ કરીને અનેકતામાં એક્તાનો અનુભવ સહજ કરવો પડશે. જીવનમાં એવી રીતે સંવાદિતતાની સ્થાપના સહજ થઈ શકશે.

એટલે લૌકિક વિદ્યાઓ આવશ્યક તો છે જ, પરંતુ એ વિદ્યાઓની સીમામાં બંધ થઇને બેસી રહેવાને બદલે, એથી આગળ વધીને આત્મવિદ્યાનો રસ પણ કેળવવો જોઇએ. જીવનમાં એ બેય વિદ્યાઓ જરૂરી છે. બંનેનો સ્વિકાર તથા સમન્વય કરવાનો છે. ભારતનો એ પ્રાચીન છતાં સનાતન સંદેશ છે.

અધ્યાત્મવિદ્યામાં જેમ પરમાત્માના પરિચયનું મહત્ત્વ છે તેમ મન અને ઇન્દ્રિયોપરના નિયંત્રણનું પણ મહત્ત્વ છે. એ નિયંત્રણ સમજપૂર્વકનું, સહજ અથવા સ્વાભાવિક અને સુખપ્રદ હોય છે. એટલે આશીર્વાદરૂપ ઠરે છે. કેટલાક અનભિજ્ઞ લોકો આશંકા સેવે છે તેમ તે જીવનને જડ કે નીરસ નથી કરતું, રસમય બનાવે છે. એ ઉપરાંત, અધ્યાત્મવિદ્યા માનવની કાયાપલટ કરી ઉત્તમ ચારિત્ર્યનું નિર્માણ પણ કરી દે છે. કોઇ પણ બૌદ્ધિક પ્રતિભાસંપન્ન વ્યક્તિ કે સમષ્ટિને માટે ચારિત્ર્યનિર્માણ એક અનિવાર્ય આવશ્યકતા છે. પ્રજા કેવળ વિજ્ઞાન કે ટેક્નોલોજીના આધારપર નથી ટકતી, પરંતુ ચારિત્ર્યથી—સદ્વિચાર તથા સદાચારથી જ—સમૃદ્ધ અને શક્તિશાળી બને છે. એને કેળવવાની પણ જરૂર છે.

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૦ મે : ૨૦૦૮ અંક ૮

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સોમવાર પોષ વદ બીજ ૨૦૩૮**

**તા. ૧૧—૧—૮૨ સ્થળ : નોર્થ બરગન, અમેરિકા.**

આજે સવારે વોશીંગટન જવાનો કાર્યક્રમ હતો પરંતુ હવામાન અતિશય ઠંડુ હોવાથી જવાનું આવતીકાલે પ્લેનમાં ગોઠવાયું.

પરિણામે આજે ભોજન બાદ વર્લ્ડ ટ્રેડ સેન્ટર જવાનું નક્કી થયું. પૂ. શ્રીએ પ્રથમ તો ના પાડી પછી વળી ફરવાનું થશે એમ માની તૈયાર થઇ ગયા.

ખીચડી શાકના ભોજન બાદ ત્યાં જવાનું નક્કી થયું. બહાર પવન અને ઠંડી સખત હતાં. ગાડીમાં ૨૦, ૨૫ મિનિટ બેસવાનું બન્યું અને જ્યાં ભૂગર્ભ રેલ્વે દોડે છે ત્યાં



જવાનું બન્યું. ત્યાં ગાડી પાર્કીંગ કરવાની રહે છે. પરિણામે પાર્કીંગ એરીયામાં જવા માટે જ્યાં ગાડી ઊભી રહે ત્યાં આપોઆપ ૧ કાગળની ટિકિટ નીકળે તે આપણે લઈએ, એટલે અંદર જવાનો દરવાજો ઉઘડે, એટલે ત્યાં ગાડી પાર્ક કરી લીફ્ટમાં નીચે ત્રણ માળ જવાનું. ભૂગર્ભ રેલ્વે અહીં એને સબ—વે કહે છે. એમાં જવાનું હોય.

રેલ્વે આશરે ૧૦, ૧૨ ડબ્બાની હશે. આખા દિવસ દરમ્યાન દસ દસ મિનિટે રેલ્વે દોડે, વળી સાંજે અને સવારે, ત્રણ ત્રણ મિનિટે રેલ્વે કામદારોની સગવડ માટે દોડે છે.

છેલ્લા ડબ્બામાં પૂ. શ્રી સાથે બેસવાનું બન્યું. ૧૦ મિનિટમાં ૧. જરનલ સ્કેવર ૨. એક્ચેઈન પ્લેસ. ૩. ગુવ્રસ્ટ્રીટ ૪. વર્લ્ડ ટ્રેડ સેન્ટર સ્ટેશનો આવી ગયાં. ગાડી નદીની અંદર નીચેથી દોડે છે, જ્યાંથી બેઠા તે સ્ટેશનનું નામ જરનલ સ્કેવર જરસીસીટી હતું. પ્લેટફોર્મ વળી નીચે હોય. ગાડીમાં બેસવા માટે ૩૦ સેન્ટ દરવાજા સાથે મશીન હોય તેમાં નાંખવાના તો જ તે દરવાજો ખૂલે. એટલે અહીં પૈસા નાંખવાના પણ ટિકિટ ન મળે.

૧૦ જ મિનિટમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર આવી ગયું. ગાડી ઊભી રહી. દરવાજા આપોઆપ ઊઘડી ગયા. પ્લેટફોર્મ ઉપરથી ઉપર પછી ત્રણ માળ ઉપર ઈલેક્ટ્રિક દાદરથી ઉપર આવી ગયાં.

નીચે ભોંયરામાંથી સાત માળ જેટલા એ ઉપર આવ્યા, ત્યાં વર્લ્ડ ટ્રેડ સેન્ટરનો ગ્રાઉન્ડ ફ્લોર શરૂ થયો. અહીં મોટા મોટા વિવિધ પ્રકારના સ્ટોર જોવા મળ્યા, ત્યાંથી વર્લ્ડ ટ્રેડ

સેન્ટરમાં ઉપર જવા માટે ટિકિટની લાઇનો હતી.

ત્યાંથી ૬૨ વર્ષની ઉપરના વૃદ્ધોને ઉપર જવા માટે મુશ્કેલી પડશે એવું હોવાથી ટિકિટ લેનારને પૂછવામાં આવે છે. ટિકિટ ૨ ડોલર ૫૦ સેન્ટની હતી.

અમે ટિકિટ લીધી અને લીફ્ટ જેને એલીવેટર પણ કહેવાય તેમાં ઊભા રહ્યાં. અમારી સાથે બીજા પણ ૨૫, ૩૦ ભાઈબેનો હતાં. ૫૮ સેકન્ડમાં જ ૧૦૭ માળ ઉપર લીફ્ટ ચાલ્યું ગયું અને ૧૦૭ મે માળ જ્યાં કાચની કેબીનો છે તે સ્થાનમાં આવી જવાનું બન્યું.

ત્યાંથી ઉપર ત્રણ માળ ઈલેક્ટ્રીક દાદર ઉપરથી છેક ઉપર ખુલ્લા ભાગમાં જઇ શકાય, પણ આજે અતિ ઠંડીને લીધે દાદર બંધ રાખવામાં આવ્યો હતો.

૧૦૭ માળ ઉપર આવી ગયા તો નીચે આખુયે ન્યુયોર્ક શહેર હડસન અને ઈસ્ટરીવર નદીઓ, દરિયો એમ્પાયર સ્ટ્રેટ બીલ્ડીંગ, સ્ટેચ્યૂ ઓફ લીબર્ટી વગેરે નીચે અસંખ્ય ગાડીઓ જે રમકડા જેવી લાગતી હતી તે દૃશ્ય જોવા મળ્યું.

શ્રી વિનોદભાઈએ પૂ. શ્રીની ફિલ્મ ઉતારી, વળી ત્યાં કોમ્પ્યૂટરથી ફોટો ધોવાઈને તરત જ નીકળે જે કેલેન્ડર ઉપર છપાય એવી પણ વ્યવસ્થા હતી. પૂ. શ્રીનો ફોટો કપડાના ૧૯૮૨ ના કેલેન્ડરમાં છપાય એવી સર્વેશ્વરીની આગ્રહભરી વિનંતિને માન આપી પૂ. શ્રીનો ફોટો લેવાયો. તેને કેલેન્ડર ઉપર સુંદર રીતે છપાયેલો પણ જોવા મળ્યો. જેની કિંમત ૧૧ ડોલર ૨૫ સેન્ટની હતી.

પૂ. શ્રીને એ અંગે જરા પણ રસ ન હતો પણ પૂ. શ્રીની



એવી તસ્વીર કપડાં ઉપર મળવી દુર્લભ છે જેથી પૂ. શ્રીની અનિચ્છાએ પણ એ ફોટો લેવાયો તેનો આનંદ સર્વેશ્વરીને, સરોજબેનને, વિનોદભાઈને સૌને વિશેષરૂપે થયો. પૂ. શ્રીની એવી વિરલ સ્મૃતિ આજે મળી.

કાચની ઊંચી બારીઓમાંથી બેસીને બહારનું દૃશ્ય જોઇ શકાય એ માટે ત્યાં બાકડા પણ મૂક્યા હતા, પણ તે બાકડા ઉપર બેસીને નીચે જોવા જતાં ડર લાગે એટલે બધી ઊંચે એ સ્થાન હતું. જો કે ઘણાં ત્યાં એ રીતે બેસીને જોતાં હતાં.

ઉપરના એ ભાગમાં રેસ્ટોરન્ટ, સ્ટોર વગેરે હતાં એક મોટા ગામમાં આવ્યા હોઈએ, એટલો એનો વિસ્તાર હતો.

લગભગ ત્યાં ઉપર ૧ કલાક ગાળ્યો. વળી એ જ રીતે નીચે એલીવેટરમાં આવી ગયાં, ત્યાંથી ઈલેક્ટ્રિક દાદર ઉતરીને ગાડીમાં બેઠા ને જરનલ સ્કેવર સ્ટેશન ઉપર આવી ગયાં, ત્યાં વળી ઉપર ચઢ્યાં જ્યાં એક મશીન હતું.

આ મશીનમાં પાર્કીંગ માટે મળેલી ટિકિટ નાંખવાની જેથી કેટલો ચાર્જ થયો તે તરત જ વંચાય. પરિણામે એક ખાનામાં પૈસા મૂકવાના, બીજા ખાનામાંથી વધારાના પૈસા બહાર આવે ને ત્રીજા ખાનામાંથી એક ટિકિટ બહાર આવે તો તે ટિકિટ લઈ લેવાની.

ટિકિટ લઈને ગાડી જ્યાં પાર્ક કરી હોય ત્યાં જવાનું. ગાડીમાં બેસીને પાર્કીંગ એરીયામાંથી બહાર નીકળતાં જ દરવાજો બંધ હોય ત્યાં ટિકિટ અંદર નાંખો એટલે દરવાજો ખુલી જાય.

એટલે ગાડી બહાર રોડ ઉપર આવી શકે ત્યાંથી ૨૫

મિનિટના માર્ગે ઉતારા ઉપર આવી ગયાં.

સાંજે સત્સંગમાં થોડા પ્રશ્નો પૂ. શ્રીના હિમાલય વિશેના પૂછાયા, એમાં લગભગ ૧ાા કલાક વાર્તાલાપ આપ્યો. પછી હળવો નાસ્તો મમરાનો કરી આરામ.

હરિઃ ૐ (ક્રમશઃ)

આ જગતમાં સત્સંગના કરતાં વધારે પવિત્ર કશું છે જ નહિ; કારણ કે એકલા સત્સંગથી જ શુભ સંસ્કારોને જાગ્રત કરવાનો ઉત્તમોત્તમ સુયોગ પ્રાપ્ત થાય છે. —યોગદર્શન

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# કોઈ ન પામ્યા તારો પાર

જ્યોત્સ્નાબેન ત્રિવેદી

**મા** સર્વેશ્વરીની શ્રી પરમાર્થી રચિત બાવનીમાં ઉપરોક્ત વંદના કરવામાં આવી છે. નિત્ય પ્રાર્થનાના આ સ્તોત્રમાં ગૂંથેલાં આ ભાવને જાણે **મા** સાક્ષાત્કાર કરાવતાં હોય તેવી ઘટના ઘટે છે. તમે રોજ પાઠ તો કરો છો પણ આ શબ્દ બ્રહ્મની શક્તિને પણ જાણો.

આ વર્ષના ૧૮, ૧૯, ૨૦ માર્ચના લીલા સંવરણ અન્ન–વસ્ત્ર–ભોજનના સંતૃપ્તિ પર્વ બાદ હરિદ્વાર યાત્રાનું આયોજન કરાયું છે. **મા** સર્વેશ્વરી અને **મા** ભાગીરથી સત્ત્વ સ્વરૂપે તો એક જ છે અને બંનેના ખોળે જાણે બાળકો પર અનંત કૃપા વરસાવતાં હોય તેમ પર્વોની વણઝાર ઉજવાય છે.

ચાર વડીલોનાં અસ્થિ અર્પણ, રમેશભાઈ ઠાકર (આર્ય નિવાસ વ્યવસ્થાપક)ના પુત્રનું ઉપનયન સંસ્કાર પર્વ, ૧૫ કલાકની સંકીર્તન સાધનાનું પર્વ, સવિશેષ રૂપે ચાર તબક્કામાં દશરથ યાત્રાનું પર્વ, સત્કર્મરૂપે સંતો અને વાત્સલ્ય વાટિકાના બાળકોનું સંતૃપ્ત પર્વ, સામૂહિક ગંગાપૂજનનો કાર્યક્રમ, દશ-વિધ સ્નાન અને આવાં નાનાં–મોટાં પ્રોત્સાહક પર્વોનો પૂ. **મા**ની ઉપસ્થિતિ હોય ત્યાં શી ખોટ હોય?

આ વખતની આ યાત્રામાં એક અભિનવ પ્રયોગ હતો. ૧૧ વાગ્યાથી ૧ વાગ્યા સુધી બેઠકમાં અને સાંજે ૫ થી ૬ ની બેઠકમાં સહુએ પૂ. **મા**ની ઉપસ્થિતિમાં પોતાને જે અનુકૂળ આવે તે વાંચન, પારાયણ, ધ્યાન, જપ, પાઠ, મૌન રહીને

પોતપોતાની રીતે કરવાનું. સહુ બાળકોને તો માની ઉપસ્થિતિ જ પૂરતી હતી અને એ માંગલ્યમયી **મા**નું તે મંગળાદર્શન પણ હતું. આ બેઠકો સંપૂર્ણ મરજિયાત હતી, છતાં હાજરી ફરજિયાત જેવી જ રહેતી.

પૂ. શ્રી **મા**નો આર્યનિવાસનો આ વખતનો નિવાસ પહેલે માળે હતો. એ નિવાસની સામે જ પૂ. રંગ અવધૂતજીનું પણ સ્થાન છે. ત્યાં બાપજીના ભક્તો પ્રાર્થના, ધ્યાન, જપ, પારાયણ માટે આવે છે. દર્શન પામી કૃતાર્થ થાય છે. તેમાં માત્ર દેશના જ નહીં વિદેશના પણ ભક્તો આવે છે. આ વખતે પણ તા. ૩ જી એપ્રિલની સાંજની પાંચથી છની બેઠકમાં બે વિદેશી ભાઈબ્હેનો આવે છે. તે બાપજીના દર્શન કરે છે. પછી પૂ. શ્રી **મા**નાં પણ દર્શન કરે છે.

ભાઈનું નામ છે ક્રિષ્ના. તેઓ લંડનના રહેવાસી છે. બ્હેનનું નામ છે જયા. તેઓ સ્વીટ્ઝર્લેન્ડનાં છે વ્યવસાયે નેચરોપથીનાં ડોક્ટર છે. તેમનાં વિદેશી નામ જુદાં છે, પણ દક્ષિણના તેમના ગુરુ પ્રેમાનંદે તેમનું આ પ્રમાણે સાધક જીવનનું નામકરણ કર્યું છે.

તેમની પ્રાથમિક ઓળખાણ પછી હું તેમને અંગ્રેજીમાં પૂ. શ્રીનો પરિચય અને તેમની સાધના તેમ જ પૂ. **મા**નો પરિચય અને તેમની સાધના વિષે વાત કરું છું. ત્યાં મુંબઈથી શ્રીમતી રીટાબ્હેન શ્રોફ પણ આવેલાં છે, તે પણ **મા**ના મંત્રગાનથી પોતાના નોકરે ઝેર આપ્યું હોય છે, છતાં જીવનનો કેવો ચમત્કારિક બચાવ થાય છે. તેની વાત કરે છે. તે સમયે શ્રી જગુભાઈ મિસ્ત્રીને થયેલા દિવ્યદર્શનની વાત કરી, નામ-સ્મરણના રક્ષાકવચનો મહિમા સમજાવીએ છીએ.



ભાઈ ક્રિષ્ના તે સમયે કંઈક જુદા જ ભાવમાં હોય છે, જેનું રહસ્ય પાછળથી સમજાય છે.

પૂ. શ્રી મા અધ્યાત્મ મંગાવી તેમને આપણી વેબસાઈટની માહિતી આપે છે. પ્રસાદ આપે છે. તે સર્વે માઉન્ટ આબુથી માહિતગાર છે તેથી તેમને સ્વર્ગારોહણ આવવાનું ભાવભર્યું નિમંત્રણ અપાય છે. આ રીતે જગદંબાના દર્શન અને પ્રસાદનું સુખ પામી તેઓ વિદાય લે છે.

બીજે દિવસે સવારે લગભગ ૧૦ ના સુમારે ક્રિષ્ના પોતાની સાથે જયા ઉપરાંત બીજા બે સ્વાતિ નરેન્દ્ર સાધકોને પણ લઈ આવે છે. તેઓ આપણી ભારતીય સંસ્કૃતિ પ્રમાણએ પ્રસાદ લઈને આવે છે. પૂ. શ્રી **મા** પ્રણામ પૂજામાં વ્યસ્ત છે. ક્રિષ્ના કંઈક વિહ્વળતા અનુભવે છે. 'Mataji's Darshan' પૂ. શ્રી **મા** દીપુબ્હેન સાથે "Wait and watch"નો મેસેજ મોકલે છે. બાપજીના રૂમમાં તે બેસે છે, પણ વારેવારે ઊઠી પૂ. શ્રી માના દર્શનની આતુરતાપૂર્વક રાહ જુએ છે. તેની પ્રતીક્ષાનો અંત આવે છે. પૂ. શ્રી **મા** દર્શન આપે છે.

પૂ. શ્રી **મા** તેમના સાધનાત્મક જીવન વિષે પૂછવાનું કહે છે. ક્રિષ્ના જણાવે છે તે છેક કિશોર અવસ્થાથી જ આ માર્ગે વળેલો છે તેની સાથે ખાસ બીજી કંઈ વાત થતી નથી. તે માત્ર **મા**ના દર્શનમાં જ મસ્ત છે. બ્હેન જયા દેખાવે ખૂબ સાત્ત્વિક છે. તેનું મુખારવિંદ તેની આંતરિક પ્રાપ્તિનું કંઈ પ્રતિબિંબ પાડે છે. તે કહે છે તે આ માર્ગે છેલ્લાં દસ વર્ષથી ચાલે છે. નેચરોપથીના અભ્યાસમાં **યોગ** પણ આવે છે, તેથી તે અભ્યાસ કરતાં કરતાં તેને આ માર્ગમાં રસ પડી ગયો અને તેની વણથંભી યાત્રા ચાલુ જ છે તે કમર, ઢીંચણ, પેટ,

છે પ



પાચનતંત્ર, માથાના દુઃખાવા તેમ જ પગ અને ઢીંચણના દુઃખાવાના ઈલાજ પણ કરે છે.

પૂ. શ્રી **મા** લખે છે અમારે ત્યાં તમને હમણાં જ ઘણા દર્દીઓ મળી રહેશે. તે સ્મિત કરે છે.

તેના સાધક જીવનના અનુભવો વિષે પૂછતાં કહે છે મને ધ્યાનમાં રમણ મહર્ષિ, શ્રી આનંદમયી મા, શ્રી રંગઅવ-ધૂતજીનાં દર્શન થાય છે. Blissનો(આત્મિક આનંદનો) અનુ-ભવ પણ થાય છે. કુદરત સાથે એકાત્મતાનો અનુભવ થાય છે. I Love Ganga My Mother હું એટલે વારેવારે ગંગાજી આવું છું.

પૂ. શ્રી **મા** તેને માર્ગદર્શન આપતાં કહે છે તમે બરાબર પાટા પર છો. આ બધાં ફ્લેગ સ્ટેશનો છે, પણ તમે જંકશન સુધી પહોંચી જશો.

તે પૂ. શ્રી **મા**ને પૂછે છે કે આનો કંઇ ટૂંકો માર્ગ (Short cut) બતાવો.

પૂ. શ્રી **મા** લખે છે (Short cut can be dagerous) સંભવ કે ટૂંકો માર્ગ ખતરાભરેલો હોય. ગાડી પાટા પરથી ઉતરી જાય. તે સંમત થાય છે.

પૂ. મા લખે છે તમે ડાયરી લખી અનુભૂતિઓ નોંધો છો? તે નકારમાં જવાબ આપે છે. પૂ. મા લખે છે તમે પોતે જ જ્યારે કદીક નિરાશ થશો ત્યારે તમારી ડાયરી જ તમને ઉપયોગી થશે. તમને તેમાંથી બળ મળશે.

સ્વાતિ રીફ્લેકસોલોજીની ડોક્ટર છે, તે લંડનથી આવે છે. તે ત્રણેક વર્ષથી આ માર્ગે ચાલે છે, તે આ બધી વાતો ખૂબ રસપૂર્વક સાંભળે છે.



ભાઈ નરેન્દ્ર આર્યર્લેન્ડનો પત્રકાર છે. તે છેલ્લા છ વર્ષથી આ માર્ગે છે. પૂર્વ જેવું પવિત્ર ધાર્મિક વાતાવરણ પશ્ચિમમાં નથી, એટલે અમે સહુ દોડીને અહીં આવીએ છીએ, અમને અહીં ભારતમાં ખૂબ શાંતિ લાગે છે. અમે પણ તેમને કહીએ છીએ. સ્વર્ગારોહણ ખૂબ સરસ છે. અમારે ત્યાં સ્વર્ગા-રોહણમાં આવવા કોઇ દાનની પ્રથા નથી. સહુ એક પ્રકારના પરિતૃપ્તિના આનંદ સાથે અને સંતોષના ભાવ સાથે પ્રસાદ પામી વિદાય લે છે.

બ્હેન જયા કહે છે મારો વિઝા નેપાળથી છે એટલે તે વિઝા માટે નેપાળ જવાની છે. મારી ટ્રેઈન છ તારીખે રાત્રે બાર વાગ્યાની છે, તો હું છ તારીખે આઠ વાગ્યાની બેઠકમાં જરૂર આવીશ.

પૂ. શ્રી **મા** પણ કહે છે કે બ્હેન ક્ષીપ્રા ચાર તારીખે આવવાની છે. પછી પૂ. શ્રી મા તો પૂ. શ્રીની આત્મકથાનું અંગ્રેજી ભાષાંતર મંગાવવાનું વિચારી લે છે. સાતમી એપ્રિલે સાંજે પાંચ થી છની બેઠકમાં શ્રી ક્રિષ્ના અને ચાર બ્હેનો આવે છે. તેઓ સહુ લક્ષ્મણ ઝુલાથી આવ્યાં છે. સહુ વિદેશથી સાથે નથી આવ્યાં, પણ અહીં મળી ગયાં છે. ક્રિષ્ના સહુને અહીં લઈ આવ્યો છે. મૌન સાધના બેઠક ચાલે છે. પૂ. શ્રી **મા** પણ પોતાના જપયજ્ઞમાં મગ્ન છે. તેઓ સહુ દર્શન કરીને આવીને શાંતિથી બેસે છે. બેઠક પૂરી થતાં પૂ. શ્રી **મા** મને અને ક્ષીપ્રા બ્હેનને તેમની સાથે સત્સંગ કરવાનું કહે છે. થોડીવાર પછી પૂ. શ્રી મા પણ સત્સંગ બેઠકમાં પધારે છે.

શ્રી ક્રિષ્નાને અમે પૂછીએ છીએ કે આપ વારે વારે કેમ આવો છો? ત્યારે તે કહે છે કે મને આપનાં પૂ. શ્રી **મા**માં

પ્રકાશપૂંજનાં દર્શન થાય છે. પછી કહે છે રમણ મહર્ષિ રંગ અવધૂતજી, રામકૃષ્ણ પરમહંસ, ગંગા મા, હિમાલય પશુ-પક્ષીની જ્યાં જ્યાં સાત્ત્વિક અને પવિત્ર વાતાવરણ હોય છે ત્યાં ત્યાં મને આ દર્શન થાય છે. એટલે ભારત મને આ માટે ખૂબ અનુકૂળ છે હું સર્વાત્મભાવ કેળવવા મથું છું.

પૂ. શ્રી **મા** તેને પૂછે છે ડાયરી લખો છો? તે કહે છે મને આ અનુભૂતિમાં એટલી મજા આવે છે કે હું તેમાંથી બહાર આવવા નથી માગતો. એટલે હું કંઇ નોંધતો નથી.

ક્રિષ્ના પૂ. **મા**ને પૂછે છે આપને કોઇ રામકૃષ્ણ દેવની અનુભૂતિ થઇ છે?

(પૂ. શ્રી **મા** રાત્રે અમને જણાવે છે ત્રણવાર) પૂ. શ્રી **મા** તેને સ્ટેપ ટોવર્ડ્ઝ ઇટરનીટી આપે છે. (પૂ. શ્રીની આત્મ-કથાનું અંગ્રેજી ભાષાંતર તે ખૂબ ખુશ થઇ **મા**નો આભાર માને છે.

ક્રિષ્ના સાથે આવેલા ચાર બ્હેનોમાંથી એક સ્પેઇનનાં છે. તે ભારતીય સાડીના પોષાકમાં છે. છેલ્લા ૧૭ વર્ષથી ભારત-માં રહે છે. વર્ષમાં એકવાર વતન જાય છે. પણ રહે છે તો ભારતમાં જ. હાલ તેઓ લક્ષ્મણ ઝૂલા પાસેના આશ્રમ નજીકના સ્થળમાં રહે છે. તેઓને આશ્રમમાં રહેવા નથી મળતું એટલે તેઓ રૂમ લઇને બહાર રહે છે. તેમને ભારતીય ભોજન પણ તીખું લાગે છે એટલે પોતાને જે ભાવે તેવું જમણ જાતે બનાવી લઇ આશ્રમમાં સેવા કરે છે. કીર્તન કરે છે તેમનું ભારતીય નામ પારિજાતા છે. પૂ. શ્રી **મા** તેમને પૂછે છે તેમને કંઇ આર્થિક સહયોગની જરૂર છે? તેઓ ના પાડે છે.

તેઓનું આશ્રમનું કીર્તન આ પ્રમાણે છે.



**आत्मने नमः** આત્મા જાગો.

**परमात्मने नमः** પરમાત્મા જાગો.

**सर्वे नमः** સર્વે જાગો.

**सर्वात्मने नमः** સર્વાત્મા જાગો.

તેમના ઉચ્ચારો સ્પેનીશ છે પણ ક્રિષ્નાની મદદથી સમ-જાય છે.

પારિજાતા પૂ. શ્રી **મા**ને પૂછે છેઃ—માતાજી હું ધ્યાનમાં બેસું છું ત્યારે મને ખૂબ ઊંઘ આવે છે.

પૂ. શ્રી મા પ્રત્યુત્તર આપે છે કે પૂરતી ઊંઘ લઇ પછી બેસો.

પારિજાતા કહે છે તેવું કરું છું તો પણ ઊંઘ આવે જ છે શું કરું?

પૂ. શ્રી **મા** કહે જે સ્વરૂપ ગમે તેનું ખુલ્લી આંખે ધ્યાન કરો. તેની સાથે વાતો કરો ધીમે ધીમે તે હાલતું દેખાશે. નેત્રો હાલતાં દેખાશે, તે સ્વરૂપ તમને સ્પર્શ કરશે. તમને માર્ગ-દર્શન આપશે. તમારી પ્રાર્થનાઓનો જવાબ આપશે તમને પ્રેમ કરશે, પણ શરત એટલી જ છે કે આ માર્ગ છોડી ન દેતાં ચાલુ જ રાખો.

પૂ. શ્રી **મા** પાસે સોફા પર આનંદમયી માનું સ્વરૂપ છે. આર્યનિવાસનાં ટ્રસ્ટી શ્રીમતી સુનીતાબ્હેન મહેતા આનંદમયી માનાં અનન્ય ભક્ત છે. બે ત્રણ દિવસ પહેલાં તેઓશ્રી **મા**ના દર્શનાર્થે આવે છે તો આનંદમયી માના કંઠે ગવાયેલાં ભજનો અને આ સ્વરૂપ **મા**ને ભેટ આપી જાય છે.

પૂ. શ્રી **મા** એ સ્વરૂપનું ખૂબ સન્માન કરે છે ત્યાં પહેલાં લક્ષ્મીમાતાનું ખૂબ મોહક સ્વરૂપ હતું જે શ્રી નવીનભાઇ દવે

લાવેલા, તે તેઓને પૂ. શ્રી મા પાછું આપે છે. તેથી હવે ત્યાં આનંદમયી મા વિરાજે છે.

પૂ. શ્રી મા પારિજાતાને કહે છે, ''લે, આ અત્યારે જ આ આનંદમયી માના સ્વરૂપ પર ધ્યાન કર.'' પછી તે સ્વરૂપ તેને ભેટ આપે છે.

તે ઊઠીને બહાર જતાં ખૂબ વિસ્મય પામતાં કહે છે કે આ તમારાં પૂ. માને કેવી રીતે ખબર કે હું આનંદમયી માની ઉપાસક છું?

અમને પણ એ રહસ્ય જ લાગે છે. સુનિતા બ્હેન પણ આટલાં વર્ષોમાં પૂ. મા પાસે પહેલી જ વાર આવે છે. પૂ. માને આનંદમયી માનું સ્વરૂપ ભેટ આપે છે. પૂ. શ્રી **મા** બે દિવસ પોતાની પાસે ખૂબ સન્માનપૂર્વક તે સ્વરૂપને રાખે છે અને તે પારિજાતા પાસે તેના ઉપાસ્ય તરીકે પહોંચે છે. કોઈ આંકડા મળતા નથી, પણ નજર સમક્ષ બનેલી સત્ય ઘટના છે. Cosmic Calenderની આપણને શું ખબર પડે?

મેં પારિજાતાને પૂછ્યું તમને અમારાં **મા** પાસે કેવું લાગ્યું? તેણે કહ્યું,

I am very much impressed. અમે બંને એ વિસ્મયમાંથી બહાર નહોતાં આવી શકતાં. વધુ કંઈ બોલી ના શક્યાં.

બીજી બ્હેન જર્મનીથી આવેલી હતી. તેનો પ્રશ્ન જુદો હતો. તે વીસ વર્ષથી ત્રાટકની સાધના કરતી હતી. તેની આંખો શુષ્ક થઈ ગઈ હતી. તે બીલકુલ ઊંઘી શકતી ન હતી.

તેને પૂ. **મા**એ કહ્યું, ''તું આંખો બંધ કરીને ધ્યાન કર. તું પણ સ્વરૂપ સાથે વાતો કર, પ્રાર્થના કર. ધીરે ધીરે એ સ્વરૂપ



હાલશે, આંખો ફરકાવશે, દર્શન આપશે, સ્પર્શ કરશે. ધીરે ધીરે આ બધું જ થશે તમે આ માર્ગ છોડી ન દેતાં.'' તે પણ ખૂબ સંતુષ્ટ થઈ માનો ખૂબ ખૂબ આભાર માને છે.

ગ્રેસી નામની એક બ્હેન શિકાગોથી આવી છે. તે કહે છે, ''ઘણા બધા મહિનાથી હું અહીં જ છું, હું શિકાગો જાઉં છું તો મને ગમતું નથી, એટલે પાછી આવી જાઉં છું **મા** અમેરિકા આવે ત્યારે અમને જણાવજો. શિકાગોમાં અમારા જેવા ઘણા ઘણા જિજ્ઞાસુઓ છે.''

આ બધાં વિદેશી પ્રવાસીઓનો ભારતપ્રેમ જોઈ આપણા દેશ માટે ગૌરવ થયું. આપણા દેશમાં વસી આપણા ભારતને તુચ્છ સમજનાર લોકોની આંખ ઉઘાડવા આટલું પૂરતું છે. **मेरा भारत महान।** ની ઉર્મિ જોરશોરથી દિલમાં ઊભરાઈ આવે છે.

બીજું પ્રભુપ્રાપ્તિ માટેની તેમની લગન માટે ખૂબ માન થયું. દેશ, વેશ, ભાષા, આબોહવા, જમણ બધું જ જુદું. સ્વચ્છતાનો પણ સદંતર અભાવ. આ બધું એમની ઈશ્વર પ્રત્યેની લગનીમાં ક્યાંય આડે ન આવ્યું, ઘડીભર મીરાંની યાદ અપાવે. આ બધી જ જોગણોને હૃદયપૂર્વકના વંદન. પ્રેમની સલામ.

ઘડીભર થયું આ યાત્રાનું આયોજન કે પ્રયોજન શું? આ સહુને **મા**નાં દર્શન થયાં. આર્યનિવાસના બાજુના નિવાસથી આવેલા એક સંન્યાસી મૌન રહીને પણ પૂ. શ્રી માનું દર્શન કરી અને થોડી સમયની સંનિધિથી કંઈક પામી ગયા. અને માનો આભાર માનતો પત્ર લખવાનું કહેતા હતા.

અલપ ઝલપ આવેલો ક્રિષ્ના આપણને જગાડી ગયો. તે

પ્રકાશપુંજના પૂ. શ્રી **મા**માં દર્શન પામી ગયો. તેમના સત્ત્વ-સ્વરૂપનો પ્રકાશ સ્વરૂપનો સાક્ષાત્કાર કરી ગયો. પચ્ચીસ પચ્ચીસ વર્ષથી **મા**નું સાન્નિધ્ય શામાં અટવાઇ ગયું તેની મન આત્મખોજ કરે છે.

હે મા! બુદ્ધિ જ્યાં થંભી જાય અને વાણી જ્યાં મૌન થઇ જાય તેવા આપના અકલ્પનીય સ્વરૂપને જો આપ ના જણાવો તો અમે શું જાણી શકીએ? હે મા! આપની કૃપા વગર આપનો પાર ક્યાં પામી શકીશું? એ પાર પામવાની વાતમાં ન પડીએ તો પણ હે મા! આપના સ્વરૂપનો આ જન્મે તો સાક્ષાત્કાર કરાવજો એવી ઝંખના નહીં હૃદયપૂર્વકની પ્રાર્થના છે તો કૃપાવર્ષા જરૂર કરાવજો.


કર્મના ફળ ઈશ્વરને અર્પણ કરવા તેનો અર્થ એ જ કે પ્રશંસા અગર નિંદા બેઉ પોતાને માથે ના લેતાં બેઉ ઈશ્વરને અર્પણ કરવાને શાન્તિથી જીવન પસાર કરવું. **—યોગદર્શન**

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧




**યોગી હરનાથના સાંનિધ્યમાંથી વિપથગામી બનેલ**

# યોગી ગોપાલની મુક્તિ

**શ્રી મકરંદ દવે**

યોગી હરનાથને મેં (મકરંદ દવેએ) પૂછ્યું :

'માનવદેહ પ્રાપ્ત કર્યા પછી મનુષ્ય નીચી યોનિમાં જન્મ લે ખરો? અને વેરઝેરની પરંપરા સર્જાતી રહે તો એનો અંત ક્યારે આવે?'

યોગી હરનાથે કહ્યું :

'આ વિશ્વમાં પ્રકૃતિનું યંત્ર અવિરત ચાલી રહ્યું છે. મનુષ્ય એ પ્રકૃતિના ચક્રમાંથી બહાર ન નીકળે ત્યાં સુધી એની ઊંચી અને નીચી ગતિ થયા જ કરવાની. સત્ત્વ, રજ અને તમ દ્વારા જીવાત્માની જે ગતિ થાય છે એ તો ભગવાન ગીતામાં સ્પષ્ટ બતાવી આપે છે.'

ઉર્ધ્વં ગચ્છન્તિ સત્વસ્થા મધ્યે તિષ્ઠન્તિ રાજસા,
જઘન્ય ગુણવૃત્તિસ્થા અધો ગચ્છન્તિ તામસા. (૧૪–૧૮)

આ અધોગતિ એટલે મનુષ્યથી હલકી જાતની યોનિ. કેટલીક વાર સત્ત્વની ઉચ્ચ કક્ષાએ પહોંચનારને પણ તમસ ઘેરી વળે છે અને જીવાત્મા એને વશ થઇ દેહ છોડે તો નીચે ગયા વિના એનો છૂટકો થતો નથી. ભરતમુનિ અને મૃગના આખ્યાનમાં આ સત્ય તારવવામાં આવ્યું છે. એટલે મનુષ્યદેહ પ્રાપ્ત કર્યા પછી આપણે કદી પતન ન થાય એવી ભૂમિકાએ પહોંચી ગયા એમ માનવું એ મોટી ભ્રમણા છે. જ્યાં સુધી યંત્રારૂઢ છો અને યોગારૂઢ થયા નથી ત્યાં સુધી તમે ભય

મુક્ત નથી. ગુણાતીત થયા વિના આ આવાગમનના ચકરાવામાંથી છૂટાતું નથી.

યોગી હરનાથે આટલું કહી નાથવાણી લલકારતાં કહ્યું :

'આવાગમણ ભરમકા મારગ,
પુરુષાં પંથ બતાયા,
શબદ અતીત અનાહદ બોલે,
અંતરિ ગોત સમાયા.'

અંતરમાં જે અનહદની વીણા વાગે છે એનો સૂર સાંભળ્યા વિના મન બહાર ભટકતું રહેશે. મનુષ્યની અંતરવીણા પર જે બહારના કોલાહલનું આક્રમણ છે એની સામે તેણે રાતદિન ઝૂઝવું પડશે, નહિ તો તેનો એકાંતગંભીર સૂર ડૂબી જશે અને હજાર જાતના ઝણકારમાં એ ખેંચાઇ જશે.

'સાધ સંગ્રામ હૈ રાતદિન ઝૂઝના,
જંત પર તંતકા જોર, ભાઇ!'

આપણી આંખો સામે માયાની નવ લાખ પૂતળીઓ નાચે છે. એ ક્યાંની ક્યાં ખેંચી જશે તે કહેવાય નહિ. આત્મસત્તારૂપે પોતાની સહજાવસ્થામાં રહેવું અને આ માયાનું નાટક નિર્લિપ્તપણે નીરખવું એ યોગારૂઢ પુરુષનું કામ છે, નહિ તો મનુષ્યનું આત્મધન લૂંટી લેતાં એને વાર લાગતી નથી. બાબા ગોરખનાથ કહે છે :

'નૌ લાખ પૂતરિ આગે નાચૈ, પીછે સહજ અખાડા,
ઐસે મન લૌ જોગી ખેલૈ, તબ અંતરિ બસે ભંડારા.'

તેથી તો મનુષ્યજન્મ કેટલો દુર્લભ છે એનું વર્ણન કરતાં સંતો થાકતા નથી. સત્ત્વના ઉન્નત શિખરે પહોંચવા છતાં પણ મનુષ્યે સદા સાવધ રહેવું જોઇએ. ક્યારે રજસનો પવન



ફૂંકાશે, ક્યારે તમસની આંધી ચડી આવશે અને ઊંડી ગર્તામાં ફેંકી દેશે એનો પત્તો નથી. મારા એક યોગી મિત્રની અવદશા મેં નજરે જોઇ છે. તેણે બહુ કઠિન સાધના કરી હતી. કેટલીક અદ્‌ભુત સિદ્ધિ મેળવી હતી. પણ સુપ્ત વાસનાના બીજને બાળી નાંખવાનો તેણે પ્રયત્ન ન કર્યો. અનુકૂળ વાતાવરણ મળતાં એ વાસના અનેક વિકૃતિ ધારણા કરતી પાંગરી ઊઠી અને અઘોર સાધનાને નામે આવો જબરો યોગી અનાચારમાં પડી ગયો. એ સભાન થયો ત્યારે બહુ મોડું થઇ ગયું હતું. મરતાં પહેલાં તેણે મને પાસે બોલાવી કહ્યું :

'ભાઇ હરનાથ, હું ઉન્મત્ત દશાને પામીશ એની મને ઝાંખી થઇ ગઇ છે. ક્યાં જઇશ ને શું ભોગવીશ એ પણ જાણું છું. આ ફેરો તો એળે ગયો, બીજોયે કદાચ જશે, પણ એમાંથી મને ઉગારી લેવા માટે તારા મહાપ્રતાપી ગુરુ અમરનાથને મોકલીશ તો મારા પર મોટો ઉપકાર થશે.'

મારા મિત્ર ગોપાલભારતીએ પોતે જ્યાં જન્મ લેવાનો હતો એ સ્થળનું નામ આપ્યું. ગુરુમહારાજને મેં આ વાત કરી. તેમણે કહ્યું : 'તારો મિત્ર ગોપાલ બહુ બળવાન આત્મા છે, પણ રક્ષાછત્ર વિનાની સાધના ભયાનક ફટકો મારે છે. આટઆટલી કઠોર સાધના, પછી પણ પ્રાણનો આવેગ તેને ક્યાં ખેંચી ગયો! દત્ત! ગુરુદત્ત, દત્ત!'

ગોપાલભારતીના અવસાનને બારેક વર્ષ વીતી ગયાં. મારા મનમાંથી એની વાત વિસારે પડી હતી. પછી ગુરુમહારાજે કહ્યું કે ગોપાલના છૂટકારાનો દિવસ આવી પહોંચ્યો છે. અમે તેણે બતાવેલા સ્થળે ગયા. ગુરુમહારાજે મને એક શેઠને ત્યાં મોકલ્યો. અઢળક સમૃદ્ધિ વચ્ચે પણ શેઠને

સુખનું નામનિશાન નહોતું. મારે તેમને કાંઇ પૂછવું ન પડ્યું. એમણે પોતે જ કરુણ આપવીતી કહી સંભળાવી. ને વાત કરતાં રડી પડ્યા. એમનો એકનો એક દીકરો સાવ ગાંડો હતો. નિષ્ણાંતોને બતાવવામાં અને ઉપચાર કરવામાં બાકી નહોતી રાખી. કોઇ ફેર નહોતો પડ્યો. હવે ઘણોખરો વખત છોકરાને પૂરી રાખવો પડતો. સાંજસવાર બે–ત્રણ નોકરોને સાથે લઇ શેઠશેઠાણી તેને ફરવા લઇ જતાં. છોકરાનાં હાસ્યરુદન, ચિચિયારી, ઉત્પાતથી ઘર નરકાગાર જેવું બની જતું. મેં તેને જોવાની ઇચ્છા દર્શાવી.

એક બારીમાંથી મને છોકરાને બતાવવામાં આવ્યો. અમારી નજર મળી તો એ મારી સામે એકીટસે જોઇ રહ્યો. પછી ચોધાર આંસુએ રડી પડ્યો. એને મારા ગુરુમહારાજ પાસે લઇ આવવાનું કહી મેં વિદાય લીધી.

શેઠ–શેઠાણી છોકરાને લઇ આવ્યાં. નોકરોએ તેને બાંધ્યો હતો. ગુરુમહારાજે એને છોડી દેવાની સૂચના આપી. કોઇની હિંમત નહોતી ચાલતી. ગુરુમહારાજે એને હાથ પકડીને પોતાની પાસે બેસાડ્યો. છોકરો શાંતભાવે બેઠો. ગુરુમહારાજે એને માથે હાથ મૂક્યો. પછી સ્થિર દૃષ્ટિએ એનાં નેત્ર સામે જોઇ રહ્યા. દૃષ્ટિમાત્રથી તરત જ જ્ઞાન ઉત્પન્ન કરાવતો ગુરુનો આ શક્તિ સંપાત હતો. અત્યંત પ્રેમથી ગુરુ મહારાજ પોકારતા હતા : ગોપાલ! ગોપાલ! ગોપાલ!

અને છોકરાની આંખોમાંથી આંસુધાર ચાલી. એ થર થર ધ્રૂજી ઊઠ્યો. થોડી વાર મૂર્છિત થઇ પડી રહ્યો. ગુરુમહારાજે એનાં માબાપને નિશ્ચિંત રહેવાનું કહ્યું. છોકરો જાગ્રત થયો ત્યારે એનું ગાંડપણ જતું રહ્યું હતું. મારી સામે જોઇ



કૃતજ્ઞભાવે હસ્યો. શેઠ–શેઠાણીને તો નવું જીવન મળ્યું. પણ શેઠને તેણે સુખી તો ન જ કર્યાં. થોડા માસમાં જ એ આટલાં લાડકોડ અને સમૃદ્ધિને લાત મારી ચાલ્યો ગયો. ત્યાર પછી એક–બે વાર મળ્યો, પણ બીજી કોઇ બાબત કરતાં પોતાની એકાંત સાધનામાં જ તેનું દિલ લાગી ગયું હતું.

મારા ગુરુમહારાજે એના વિષે કહ્યું હતું :

‘ગોપાલ વીર સાધક છે. હનુમાનકૂદકો મારીને પણ તે આતમગઢ સર કરશે.’

કર્મનો નિયમ જડ નથી. એ ગહન છે એટલો સરળ છે. એ બહારથી લાદવામાં આવ્યો નથી. આપણે જ કરોળિયાની જેમ એની જાળ વણીએ છીએ અને ફસાઇએ છીએ.

પ્રકૃતિના આ સત્ત્વ, રજ અને તમોગુણ એકબીજાને દબાવી માનવીના ચિત્તપર આમ ફરકાવ્યા કરે છે. એટલા માટે જ હરહંમેશ સદ્‌વિચાર, સત્કર્મ અને સત્સંગથી ભાવનાને નિર્મળ રાખતા રહેવાનું સંતો કહે છે, કારણ કે અંત ક્યારે આવશે તે કોઇ જાણતું નથી. અને અંતકાળે સમગ્ર જીવનના સરવાળા જેવી જોરદાર ભાવના જ ચિત્તમાં તરી આવશે.

# સમંદરને પેલે પાર

(ગતાંકથી ચાલુ) **મા સર્વેશ્વરી**

**પૂ. મા શ્રી સર્વેશ્વરીની ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા યાત્રા–હવાઈનથી લોસ એંજલસ દિવસ–૨૪, તા. ૩૧–૫–૦૫**

સ્નાન, શીર્ષાસન ૨૭૦ પ્રણામથી દિનચર્યા પ્રારંભ પામે છે. મંત્રજપ પ્રારંભ પામે છે.

આજે વડોદરાથી ગાયત્રીનો ફોન હતો-કેશાની માંદગીનો.

૨૫ વરસની એ યુવતીને માંદગી સાંભળતાં હે હરિ, તું અમારા આરોગ્ય કેવાં સરસ રાખી રહ્યો છે. સૌનું મંગલ કરો. સૌને આરોગ્ય ધરો.

મંજુલાબેન જોડે વાત થઈ. **મા** તરફથી જે જરૂરી હોય તે કરવાની. આશિષનો ફોન હતો, વિગતે વાત જાણી.

આ શરીર જ કેવું નાશવંત છે! ક્યારે કોને, કયી માંદગી ઘેરી વળે તે કોણ કહી શકે? સ્વસ્થ શરીર સાથે જપી લો. તપી લો. જાણે આ માંદગી સતત આવો સંદેશો આપે છે.

અરે પ્રભુ, કેવડી મોટી યાત્રા આપે કરાવી! **મા** જે જે સહજ સંકલ્પ કરે છે તે તે આપ જાણે આજ્ઞાંકિત બનીને તરત જ પૂર્ણ કરો છો. આપની એ અલૌકિક શક્તિને અમારા પ્રણામ હો.

કેટકેટલાં સ્થાન જોયાં. કેટકેટલી વ્યક્તિઓનો સંપર્ક થયો. કેટલી બધી લાંબી લાંબી મજલ કાપી છતાં તેં–હે હરિ, સૌની રક્ષા કરી. હજાર હાથવાળા હે હરિ, આપની સમર્થ છાયામાં અમે જીવનભર રહીએ. આપની સુખદ સંનિધિમાં શાંતિથી



આપને જ વરીએ. આપને જ સ્મરીએ એવી કૃપા કરો.

સાંજે શ્રી શારદાબેન, શ્રી રમેશચંદ્ર મળે છે. વૃદ્ધાવસ્થા છે. ભૂતકાળના અન્યાયનું ચિંતન સૌને ડંખે, છતાં સ્વસ્થ, તટસ્થ રહીને એ બંધન હળવાં કરવા શ્રી હરિ જ યોજના ઘડે છે. એ વાત સમજવા જેવી છે. વિશ્વનાં વિવિધ રૂપો ને વિવિધ અભિનયો આપણને શ્રી હરિ નિકટ લઈ જવાનાં જ સાધનો છે, એમ માની દ્રષ્ટાભાવે સાંભળી લેવાનું. એવી વાતોને હસીને હળવી કરવાની પણ એક રીત છે.

જગત પાસે જે શુભ જમા છે તેનું જ સ્મરણ કરી સૌનો આભાર માનતાં માનતાં જીવી જવું.

**મા**એ પહેલી એપ્રિલ ૨૦૦૫ થી એક સહજ વિચાર કર્યો હતો કે કોઈને પણ ઠપકો ના આપવો અને તે પ્રમાણે આજે બે મહિના થયા. યાત્રામાં પણ એવો કોઈ પ્રસંગ બન્યો નથી કે **મા**એ કોઈને વઢવું પડે. હે હરિ, જીવનમાં કદી કોઈને કોઈ પ્રકારનો ઠપકો ના અપાવશો. આપ જ જેને તેને જે માર્ગદર્શન ધરવું હોય તે ધરજો. આખરે આ સર્જન આપનું છે. આપે જેને ન્યાય, અન્યાય, સુખ, શાંતિ, સદ્‌બુદ્ધિ જે કરવું હોય તે કરો જ છો. અમારી પ્રાર્થના છે કે આપના આ અલૌકિક વહીવટમાં અમારો વિક્ષેપ અમારા થકી ના ઊભો કરાવતા.

સૌનું સર્વ પ્રકારે મંગલ થાવ, કલ્યાણ થાવ. સૌને સદ્‌બુદ્ધિ આપો. સૌને સર્વ પ્રકારે સુખી કરો, શાંતિ આપો.

આજે રાતે શ્રી કંચનબેન, શ્રી ભગવાનજી સાથે ૫ મિનિટ ચાલવા જવાનું બને છે. શાંત રસ્તાની એ પગદંડી ઉપર જપ કરતાં કરતાં એક રાઉન્ડ થયો છે. આવીને ડાયરીની નોંધ. તે

પહેલાં નીતિ અંકમાંથી થોડું, થોડું શિક્ષાપત્રીમાંથી વાચન થયું છે. કલ્યાણના બધા જ વિશેષ અંકો દરેકે સેવન કરવા જેવા છે.

આજે સરોજબેન, વિનોદભાઇ, ભાનુબેન વિદાય લે છે. આજે નિવેદિતા ધનસુખભાઇ મળે છે. મણિબેન વળી ફોન ઉપર મળે છે. સૌ મળે છે. પાછાં વિદાય લે છે.

આવ—જા—આવાગમનમાં હે હરિ, આપ તો સાથે જ રહેજો. પ્રણામ. પ્રણામ. પ્રણામ.

**દિવસ—૨૫, તા. ૧—૬—૦૫**

સ્નાન, શીર્ષાસન, પ્રણામ અને થોડી હળવી કસરત પણ આજે થઇ.

આજે કેનેડા વિમળાબેનને **મા** ફોન કરાવે છે, સમાચાર જાણવા. યજમાન છે. યાત્રામાં સાથે હતાં તો **મા** સામેથી મળે છે.

શ્રી નીરૂબેન કેનેડા જોડે વાત થઇ છે. કહે છે **મા** ગમતું નથી. અહીં સતત તમે યાદ આવો છો. પ્રસંગો લખું છું. જાણે યાત્રામાં જ છું.

શ્રી મંગળાબેનનો ઇંગ્લેન્ડ લેસ્ટરથી ફોન હતો. **મા** ભક્તો સાથે લેસ્ટર પધારો. ઘણો સમય થઇ ગયો. આપની અહીં ઘરનાં સૌ રાહ જુએ છે.

શ્રી રાજુભાઇનો કેનેડાથી ફોન હતો. **મા** આપના દર્શનની ખૂબ ઇચ્છા છે. પણ જ્યોત્સ્નાબેનથી આટલી લાંબી મુસાફરી થઇ શકે તેમ નથી. આપના આશીર્વાદથી જ્યોત્સ્નાને સારું છે.

શ્રી બિપીનભાઇ—હેતલ કેનેડાથી ફોન હતો. **મા** હેતલ



ભારત જાય છે. આશીર્વાદ આપો.

શ્રી ગીતાબેન શાહ કેનેડાથી ફોન હતો. **મા** વ્રજમંદિરમાં એક શિબિર ગોઠવો. ત્યાંના સ્થાપકની ઇચ્છા છે. આપના કહ્યા મુજબ અમે દરરોજ ૧૧ યમુનાષ્ટક કરીએ છીએ. અમને સૌને આશીર્વાદ આપો. ટોરન્ટોમાં એક હવેલી કરવી છે તે માટે આશીર્વાદની ખાસ જરૂર છે.

વડોદરાથી આશિષનો ફોન હતો. કહે છે કે કેશાને આજે થોડો સુધારો છે. હાથ હવે હાલે છે. **મા** દરરોજ તમને ફોન થઇ શકે? ગઇ કાલે તમારા ફોનથી કેશા પ્રથમવાર હસી શકી. આજે ઘણો સુધારો છે.

હે હરિ, સૌને સ્વસ્થતા ધરી દે.

શ્રી વાસુદેવ એડમન્ટનને **મા** ફોન કરાવે છે. પનામા તા. ૧ થી ૫ પ્રોગ્રામ છે. તેની વાતો થઇ છે. પનામા માટેની સૌને જાણ કરી કે કેમ? કેટલાં નામ આવ્યાં?

શ્રી તરલાબેનને અમદાવાદ **મા** ફોન કરાવે છે. તેઓ આજકાલ ઘરને નવિન રૂપરંગે મઢી રહ્યાં છે. કહે છે **મા** તટસ્થ બનીને જોયા કરું છું.

શ્રી તરલાબેનનું સાધના પરાયણ મન જાણે સતત ઊઠતું ઊઠતું પરમ પ્રદેશના દ્વારને ઉઘાડવા મથી રહ્યું છે. મથામણ પણ નથી. સહજ જાણે એ અવસ્થા પ્રસાદમાં મળી છે.

અરે—હા, દરેક માનવ પણ પોતાના પ્રાપ્ત દેહને પણ એ રીતે દ્રષ્ટા બનીને માણે તો તો હાથવેંતમાં જ શ્રી હરિની પ્રાપ્તિ છે. પણ ક્યારે ક્યાં કેવો ને કેવી રીતે કેટલો લપેટાઇ જાય તેનો ખ્યાલ જ રહેતો નથી. તળાવમાં પાણી પીવા ઉતરેલી ભેંશને ખ્યાલ જ નથી કે પોતે અંદર ને અંદર ચાલતા ચાલતા

કાદવમાં ખરડાઇ રહી છે. જિંદગીના પ્રથમ શ્વાસથી અંતિમ શ્વાસ સુધીની જીવની જે અવસ્થા છે તે મમત્વની પગદંડી ઉપરથી પ્રારંભ પામેલી હોય છે. વિવિધ વળગણોથી ઘેરાઇને સતત અશાંતિ, થાક અનુભવતો, બેચેન બનીને, ઘડીકમાં આનંદમાં મ્હાલતો, ઘડીકમાં પોક મૂકીને રડતો રડતો અંતિમ શ્વાસ લેતો જણાય છે.

હે હરિ, આ તે તારી કેવી રમત છે? એ રમતનો અંત આપના શ્રી ચરણોમાં જ વિજયની વરમાળા સાથે આવવાનું કાર્ય આપનું છે.

સૌને રમત શાંતિથી રમાડી તારા અંકે પરમ વિશ્રામ ધરી દે. સૌને દ્રષ્ટા જ બનાવી દે. સૌને તારા પક્ષમાં લઇને રમતને પૂરી કરી દે. સૌને અખંડ સુખ ને શાંતિ તારા દર્શનથી ધરી દે. સર્વ જંજાળોથી મુક્ત કરી એને સ્વચ્છ ને પવિત્ર કરી તારા અંકે સ્વીકારી લે. આ સૃષ્ટિને એવું વરદાન ધરી દે.

ઔરંગાબાદથી તેજસનો ફોન હતો. **મા** કાલે પરીક્ષા છે. આશીર્વાદ આપો.

હે હરિ, આખી પૃથ્વી ઉપર સૌની પરીક્ષા લેતા રહો ને સૌને સફળ કરતા રહો.

આજે બીજા તો ઘણાં ફોન હતા. સતત નીચે ઘંટડી વાગતી રહે છે. યજમાન દંપતી તેને નોંધતાં રહે છે. ત્રણ ચાર ફોન આવે કોઇકના તો વળી અગત્યના છે એમ માની તે ફોન **મા** પાસે લાવે છે.

બધા જ ફોન અગત્યના નથી હોતા. હા, શ્રી હરિનો ફોન હોય તો બધા જ ફોન ભલે કપાઇ જતા.

આજે જાણે ફોન ડે—પેલા મધર ડે—ફાધર ડે તેવો ફોન ડે.



આજે **૧૦** ફોનને તો સમય આપ્યો. જાણે આજે સતત બાહ્ય જગત સાથેનો સંપર્ક રહ્યો. કોઇક વાર તો ફોન લઇને તે સૌને સાંભળવાની જાણે એક ફરજ થઇ પડે છે.

આજે તા. ૧૧ મીએ ટેક્ષાસ જવાની કથામાં એક કલાક વીતે છે. કયી એરલાઇનમાં કયી તારીખે તે સસ્તું પડે તેની શોધ શ્રી ભરતભાઇ કરી રહ્યા હતા. છેવટે સાઉથવેસ્ટ એરલાઇન્સમાં બુકિંગ થઇ ગયું છે.

એક કલાક એ રીતે જાણે નકામો ગયો. રાતે ૯ાા થી ૧૧ાા નીચે સૌને મળવાનું બને છે. હેમંત પરિવાર, કિશોર—દીના, શારદાબેન—રમેશચંદ્ર સૌ બેઠાં છે. હેમંત—જયા સાથે જરા વિગતે વાતો થઇ છે. શ્રી શારદાબેન—શ્રી રમેશચંદ્ર આ દેશના નાગરિક થવાની પ્રવૃત્તિમાં છે. તેની ગૂંચ ને તેના પ્રશ્નોની ચર્ચા થઇ છે.

આજે યજમાનના પિતા શ્રી સીતારામભાઇ જેઓ આદર્શ ગૃહસ્થ યોગી જેવું તેજસ્વી સાધક જીવન જીવી ગયા, તેમની અંતિમ વીડીયો જોવાનું બન્યું.

મૃતદેહની અંતિમ વિધિ જોતાં જોતાં સતત જાગ્રત થતાં રહેવાયું. આ રીતે આપણને પણ કોઇક જ લઇ જશે. આ દેહને પણ છોડવાનો. તે પહેલાં વિગતે વાપરી લેવાનો હરિને પામવા માટે. એનું સ્મરણ રહ્યું. અગ્નિદેવ એ મૃતદેહને પોતાના શ્રી અંકે લઇને સમાવી લે છે. હે અગ્નિદેવ! આપની એ સેવાને સૌના પ્રણામ.

કેટકેટલા દેવો સૃષ્ટિના સેવક બનીને સૃષ્ટિને સુંદર બનાવવામાં કાર્યરત છે! અગ્નિદેવ, જળદેવ, વાયુદેવ, અન્નદેવ, સૂર્યનારાયણ, પૃથ્વીદેવી સૌના ચરણે અમારા પ્રણામ.

જો આપ સેવા નહીં કરવાનું ક્ષણભર પણ વિચારો, તો તો સર્વત્ર જાણે હાહાકાર થઈ જાય.

હે દેવતા વૃંદ, આપની સેવાને પ્રણામ, પ્રણામ, પ્રણામ. આપના સર્વપ્રકારના સહયોગથી સમગ્ર સૃષ્ટિ સુગંધિત જીવન જીવે, આપને દીપાવે એવી પ્રાર્થના.

શ્રી કંચનબેન એ પછી થોડા પ્રશ્નો પૂછે છે.

**પ્રશ્ન** : પૂ. શ્રી જેમ મૃતવ્યક્તિનો સંપર્ક કરી શકતા તેવું આપ કરો છો?

**મા** : જેનો સંપર્ક કરવાનો હોય તેનામય થઇ જવું પડે, તો તે મળે. ઘણીવાર તેની પણ ઇચ્છા મળવાની ના હોય. ઘણી વાર આપણે પણ તેને વિક્ષેપ કરતા હોઇએ.

**પ્રશ્ન** : યમદૂતો દરેક જીવને લેવા આવે તો આપણે હવાઇમાં પેલી સ્ટીમરમાં જે સમુદ્રમાં વિનાશ થયેલો જોયો તો તેમાં એક સાથે યમદૂતોને કેટલી બધી સંખ્યામાં લેવા આવવું પડ્યું હશે?

**મા** : એનો સ્થૂળ અર્થ ના લેવો. દરેક જીવને પોતાનાં કર્મો જ દોરે. અને દરેકને એક એક દૂત લેવા આવે એવો સ્થૂળ અર્થ લેવા કરતાં એક જ મોટી બસનો ડ્રાઇવર જેમ ૬૦, ૬૫ ને લઇ જાય એ રીતે ઉપરની વ્યવસ્થા હશે.

ઉપર જઇને જોવું પડે પછી કહી શકાય. આ બધી અગમનિગમની વાતોમાં **મા**ની ચાંચ ના ડૂબે. શ્રી હરિ જે સૂઝાડે તે જવાબ શ્રી હરિ જ આપે. **મા** દ્વારા જો કોઇકને સમાધાન કરાવવું હોય તો તે જ જવાબ સૂઝાડે.

શ્રી વામનભાઇની દીકરી મીનાક્ષીનો અનુભવ **મા**ને સૂઝે તે જવાબ લખે.



હે હરિ, તારું નામ જ જપાયને? એ જપથી જે રહસ્યો ઉકેલાવવાનાં હોય તે તું જ ઉકેલ. **મા**ને શું એ બધી રહસ્યમય દુનિયા સાથે? જ્યાં હરિ ત્યાં **મા** ને જ્યાં **મા** ત્યાં હરિ. હે હરિ, તારી સાથે જ, પાસે જ સતત વીંટળાયેલા રહેવું ગમે તો હે હરિ આપ પણ **મા**ને જ વીંટળાયેલા રહેવા માંગો જેથી એકમેકની પ્રાપ્તિમાં સર્વ સુખ, સર્વ શાંતિ, સર્વ જંજાળો કપાશે. સર્વ ભવાટવી હોમાશે, સર્વ દળદરો દળાશે. સર્વ દાવાનલો ઠરી જાશે. સર્વ વેદનાઓ દટાઇ જશે. બસ માત્ર શ્રી હરિ, શ્રી હરિ ને શ્રી હરિ. અખંડ સંનિધિ સુખ.

પ્રણામ. પ્રણામ. પ્રણામ ને પ્રણામ. પ્રભુ પ્રણામ.

(ક્રમશઃ)

એક માણસ દુષ્ટ પ્રકૃતિનો હોય તો પણ તે જ્યોતિષના સંબંધમાં નવી શોધ કરી શકે, પણ ધર્મની વાત તદ્દન જુદી છે. કોઇ અપવિત્ર માણસ કે વ્યક્તિ ધર્મનાં સત્યોને પ્રાપ્ત કરી શકતી નથી.

**—યોગદર્શન**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# A lifetime memorable experience

**Ujval Patel**

Om Maa Prabu.

During the first Week of January 2007, I was able to participate in an eye camp at Swargarohan. It was one of the many rewarding experiences I have encountered with Maa. I heard from multiple devotees that the eye camp is the hardest camp to part-take in and would require the most energy. The reason for this is because you're always on your feet, and the duration is for 3 days and 2 nights. On the first day, over a 1,000 plus underprivileged locals and small neighboring townspeople as far as 25 kilometers, came for examination. During the advertising of the eye camp, the people were told to come early because only the first 120 eye cataract cases would be taken for operation.

A majority of the patients were already waiting outside at 6 am. The patients had to follow a certain procedure: As they entered the gates of Swargarohan, they were signed in for document purposes. After that, they were escorted to get their eyes examined.



Nurses from Rotary Eye Institute would tell the patients to cover either their right or left eye and read a board with 3, 4, 5, or 6 dots from distances of 3, 5, and 10 feet. The reasoning why they had dots instead of letters like the United States is because a majority of the patients are illiterate.

The examination that the nurses conducted allowed them to determine which eye, if not both, was impaired. The next stop for the patients was to the doctor, where they determined if they needed surgery or just prescription glasses. If the patients needed glasses, they were sent to that line; and then, given glasses along with Maa's prasad. If the patients needed to have surgery, they had to stand in a separate line where the nurses performed a special pre–operation procedure. After that, the patients were assigned a roorn at "Shakti Bhavaan" where they would rest that night. The next morning the patients were transported 3 at a time to the hospital. After they came back volunteers would escort them to their rooms by holding their hand or hip. During this cycle of taking patients to and from the hospital, many volunteers were singing bhajans to pray each

operation went successful. The first day of operation the doctors were able to successfully complete approximately 70 to 80 surgeries. The doctors successfully finished the rest of the patients the following day. During the night, I was able to experience one of the most cherishable memory. Many voiunteers got the privilege of working night duty. The volunteer's job description was regulated by Maa which consisted of staying awake all night, getting water for the patients, helping the patients go to the bathroom, adjusting the patients eye patch, or comforting the patients by giving them medicine. One of the main advices that Maa, had given to the volunteers was to treat the patients as if they were your mother or father. The message she was trying to get across, couldn't have been any clearer. Around 1 am Maa came over to check up on us and called every volunteer to the dining hall to give us chocolate milk, prasad, and, most importantly, energy.

As the night continued, I was able to stir up conversations with fellow volunteers about experiences with Maa and their vision on faith. I noticed many girls were getting tired



on the first floor so my partner, Rajeevbhai and I decided to alert them by saying, "Maa is here!" It was fun to see them jump up off their seat and open their eyes. I had asked them, "Do you all remember what Maa had said to us?" I followed by, "If your Mom or Dad was in that room behind you, do you think you'd be sleeping right now?" Everyone responded with, "No." Many of the volunteers had also realized for the first time in their lives, that for one night, in the blistering cold, they were experiencing the life these underprivileged citizens live on a daily basis. On the last day of the eye camp, the patients were given additional prasad, given an invitation to visit Swargarohan and the opportunity to speak on their experience on the eye camp. Some of the speeches that were given by the patients were just heart melting because you can feel how thankful they were to have gotten a new vision on life. I encourage anyone to participate in any camp at Swargarohan because it will be a life–changing and lifelong experience.

Jai Krupalu Maa.

# જિંદગીભરનું સંભારણું

મૂળ લેખક : ઉજ્વલ પટેલ
અનુ. : નારાયણ હ. જાની

ૐ મા પ્રભુ,

સને ૨૦૦૭ ના જાન્યુઆરી મહિનાના પ્રથમ સપ્તાહમાં, સ્વર્ગારોહણમાં યોજાયેલ નેત્રયજ્ઞમાં ભાગ લેવા હું શક્તિમાન થયો. પૂ. માના સાન્નિધ્યમાં મેં અનુભવેલ ઘણા બધા લાભપ્રદ અનુભવોમાંનો તે એક હતો. મેં ઘણા બધા સાધકો પાસેથી સાંભળેલું કે નેત્રયજ્ઞમાં ભાગ લેવાનું ઘણું કઠિન છે કારણ કે તેમાં ઘણી શક્તિની જરૂર પડે, આનું કારણ એ છે કે તેમાં તમારે સતત કાર્યરત બે રાત અને ત્રણ દિવસ રહેવું પડે છે. કેમ્પના પહેલા જ દિવસે આસપાસના ૨૫ કિલોમીટર વિસ્તાર-ના તથા અંબાજીના ૧૦૦૦ ઉપરના ગરીબ માણસો પરીક્ષણ માટે આવ્યા. કેમ્પની જાહેરાત વખતે જ જણાવી દેવામાં આવેલું કે ખૂબ વેળાસર આવી જજો, કારણ કે કેમ્પ, દરમ્યાન ૧૨૦ માણસોનાં જ મોતિયાનાં ઓપરેશન કરવાનું શક્ય છે.

આથી વહેલી સવારના ૬ વાગ્યાથી મોટાભાગના દર્દીઓ સ્વર્ગારોહણના દરવાજે લાઇનમાં ગોઠવાઇ ગયેલા. દર્દીઓને દરવાજામાં દાખલ થતાં કેટલીક વિધિઓ—જેવી કે દર્દીનું નામ, ઠામ—ઠેકાણું રેકોર્ડ માટે નોંધાવવું પડતું. તે પછી તેમને આંખોની તપાસ માટે દાક્તર પાસે દોરી જવાતા. ત્યાં ઉપ-સ્થિત નવસારી રોટરી ક્લબની નર્સો, દર્દીને, ૩, ૫ કે ૧૦ ફૂટ છેટેથી બોર્ડ પરની ચિહ્નોની ૩ થી ૬ સુધીનાં ચિહ્નોવાળી લાઇનો વંચાવતાં. અમેરિકામાં આવા પરીક્ષણ માટે આંકડા કે



અક્ષરો હોય છે, પરંતુ આહીં આવેલા મોટાભાગના દર્દી અભણ હોવાથી ચિહ્નો રાખવામાં આવેલ. આ પરીક્ષણથી દર્દીની બંને કે એક આંખને કેટલું નુકસાન થયેલું છે તેની જાણ આ નર્સોને થતી.

આ પછી દર્દીને ડોક્ટર પાસે મોકલવામાં આવતો, જ્યાં તપાસ થતી કે શસ્ત્રક્રિયા અગર ચશ્મા કે દવાઓમાં કયા ઉપચારની દર્દીને આવશ્યકતા છે. જેને માત્ર ચશ્માની જ આવશ્યકતા જણાતી તેને તેની લાઇનમાં મોકલી દેવાતો, જ્યાં તેને યોગ્ય નંબરવાળાં ચશ્મા ને માનો પ્રસાદ આપવામાં આવતો જેમને શસ્ત્રક્રિયાની આવશ્યકતા જણાતી તેમને જુદી લાઇનમાં ઊભા રાખી, નર્સો ઓપરેશન પહેલાંની કામગીરી કરતી.

તે પછી દર્દીને શક્તિભુવનમાં તેઓએ કયા ઓરડામાં રાતવાસો રોકાવાનું છે, ત્યાં લઇ જવાતા.

બીજા દિવસે સવારે ત્રણ ત્રણના સમૂહમાં આ દર્દીઓને અહીંની હોસ્પિટલમાં વાહન મારફતે મોકલવામાં આવતા ઓપરેશન પછી તેમને હાથ કે કેડથી પકડી તેમની મુકરર જગ્યાએ સુવાડી દેવામાં આવતા. દર્દીઓને આ પ્રમાણે હોસ્પિટલ લઇ જવા અને પાછા લાવતી વખતે સ્વયંસેવકો પ્રાર્થના અને ભજનદ્વારા દરેકનું ઓપરેશન સફળ થાય તેવી ભાવના વ્યક્ત કરતા.

પહેલા દિવસે લગભગ ૭૦ થી ૮૦ મોતિયાનાં ઓપ-રેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યાં. તો ડોક્ટરોએ બીજા દિવસે બાકી રહેલ દર્દીઓનાં ઓપરેશન સફળતાપૂર્વક કરી નાંખ્યા. રાત્રિ દરમ્યાન કાયમ માટે યાદ રહી જાય તેવી

સર્વોત્તમ અનુભૂતિ મેં કરી. ઘણા બધા સેવકોને રાત્રિ દરમ્યાન સેવા કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. પૂ. માએ આખી રાત જાગીને આ સ્વયંસેવકોને તેઓએ શું શું સહાય દર્દીને કરવાની છે તે વિગત નક્કી કરી આપી જેવી કે દર્દી માટે પાણી લાવવાનું, દર્દીને બાથરૂમમાં દોરી જવાના, આંખ પરના પાટા સમા કરવાના અથવા દર્દીને દવા વગેરે આપીને દર્દમાં આશ્વાસન આપી રાહત પહોંચાડવી. પૂ. માએ આ બધા સ્વયંસેવકોને જે અગત્યની સલાહ આપી કે જે દર્દીની સંભાળ તમે કરતા હો, તેમના પ્રત્યે તેઓ તમારાં માતા કે પિતા છે, એવા ભાવથી નિહાળજો. પૂ. મા જે વાત આ સેવકોને સમજાવવા માગતાં હતાં, તે આ કરતાં બીજી વધુ સારી રીતે કેવી રીતે સમજાવી શકાય?

રાત્રે એક વાગ્યાની આસપાસ પૂ. મા અમે બધા શું કરી રહ્યા છીએ તે તપાસવા આવ્યાં અને દરેકે દરેક સેવકને ડાઈનિંગ હોલ ખાતે બોલાવી ચોકલેટવાળું દૂધ અને પ્રસાદ આપ્યાં. અરે, વિશેષરૂપે તો બધાને સેવા કરવા માટેની જરૂરી શક્તિનું પ્રદાન કર્યું એમ લાગ્યું, રાત્રિ સાથે મેં પૂ. મા અંગેના તેમના અનુભવો તેમ જ પૂ. મા પ્રત્યેની તેમની શ્રદ્ધા અંગે વાતચીત આરંભી. મેં જોયું કે પહેલા માળ પર ઘણી બધી બહેનો થાક અનુભવી રહી હતી. તેથી મારા સાથી શ્રી રાજીવભાઈ ને મેં નક્કી કર્યું કે "મા આવ્યાં" કહી તેમને જાગ્રત કરીએ. આ સાંભળતાં જ તેઓ તેમની ખુરશીમાં ઊભાં થઈ ગયાં. ને આંખો ઉઘાડી દીધી અમે આ રમૂજ માણી રહ્યા. મેં તેઓ બધાંને પૂછ્યું કે "પૂ. માએ આપણને શું શિખામણ આપી હતી, તે શું બધાંને યાદ છે? જો તમારાં



પોતાનાં મા કે બાપ આ ઓરડામાં હોય તો તમે અત્યારે શું ઊંઘી શકો?" બધાં જ એકી અવાજે બોલી ઊઠ્યા. "ના." ઘણા બધાં સ્વયંસેવકોએ પહેલીવાર જ આવી કકડતી ઠંડીનો અનુભવ કર્યો, જે આ ગરીબ દર્દીઓ તેમના દર-રોજના જીવનમાં દરરોજ કરતા હોય છે.

કેમ્પના છેલ્લા દિવસે બધાં દર્દીઓને પૂ. માનો પ્રસાદ આપવા ઉપરાંત કહેવામાં આવ્યું કે જ્યારે અંબાજી આવો ત્યારે સ્વર્ગારોહણ જરૂરથી આવજો. વળી આ નેત્રયજ્ઞ વિષે તેમના પ્રતિભાવ જણાવવા કહેવામાં આવ્યું. કેટલાક લોકોનાં વક્તવ્યો એવાં કરુણ હતાં કે સાંભળનારનું હૃદય દ્રવી ઊઠે. તમને જણાય આવે કે આ બધા લોકો આંખની નવી દૃષ્ટિ પ્રાપ્ત થવાથી કેટલા બધા આભારવશ છે. એથી જ હું સ્વર્ગારોહણ ખાતે પ્રયોજાતા કોઈ પણ સેવાયજ્ઞમાં ભાગ લેવા કોઈને પણ પ્રોત્સાહિત કરું છું કારણ કે મને ખાત્રી છે કે તે તમારા જીવન પરિવર્તન માટેનું જીવનભરનું અમૂલ્ય સંભારણું બની રહેશે.

પ્રારબ્ધવશાત્ જે પવિત્ર ને પથ્ય આહાર મળે તે પરમાત્માના નૈવેદ્યરૂપ સમજી તેનું પ્રાણધારણ માટે પ્રયોજનજેટલું ભક્ષણ કરવું. તેમાં જેવો આનંદ પ્રાપ્ત થાય છે તેવો આનંદ નાનાપ્રકારનાં રાજસતામસ આહારમાં થવો સંભવતો નથી, એ વિવેકીએ ન ભૂલવું જોઈએ.

— નાથભગવાન્

# શ્રી સુબ્રોતો બાગ્ચીનું પ્રેરણાત્મક વક્તવ્ય

**વિકાસ ચૌધરી**

૧

(જુલાઈ ૨, ૨૦૦૪ના રોજ બેંગ્લોરના ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ સમક્ષ માઇન્ડ ટ્રી કન્સલ્ટિંગના સી.ઓ.ઓ. (ચીફ ઑપરેટિંગ ઓફિસર) શ્રી સુબ્રોતો બાગ્ચીએ એક વક્તવ્ય આપ્યું હતું. જેનો અનુવાદ આ વખતે ઇન્ટરનેટ કૉર્નરમાં રજૂ કર્યો છે. ખરેખર ખૂબ પ્રેરણાત્મક વિચારોને આવરી લે છે આ વક્તવ્ય. ચોક્કસ આમાંથી આપણે ઘણું ઘણું શીખી શકીએ.)

થોડા સમય માટે સરકારી સેવક રહી ચૂકેલા મારા પિતાના પાંચ પુત્રોના પરિવારમાં હું સૌથી નાનો હતો. તે વખતે મારા પિતા કોરાપુટ, ઓરિસ્સામાં જિલ્લા રોજગારી અધિકારી તરીકે ફરજ બજાવતા હતા.

આપણે આજે વિચારી પણ ન શકીએ એટલું પ્રાથમિક જીવન હતું તે સમયે ત્યાં વીજળી ન હતી. નજીકમાં ક્યાંય પ્રાથમિક શાળા ન હતી અને નળમાં પાણીય આવતું ન હતું. મને ઘરે જ થોડું ઘણું શિક્ષણ મળતું.

મારા પિતાની બદલી દર વર્ષે થયે કરતી. કુટુંબનું રાચરચીલું જીપના પાછલા ભાગમાં સમાઈ જાય એટલું જ હતું તેથી અમારા કુટુંબને એક સ્થળે જવામાં ખાસ તકલીફ પડતી નહિ. મારી માતા ઘણી ઝડપથી નવી જગ્યાએ ઘરનો સરસામાન ગોઢવી દેતી અને અમારો જીવનપ્રવાહ આમ જ ચાલ્યા કરતો. મારી માતા તે સમયે મૅટ્રિક્યુલેટ હતી જ્યારે



તેનાં લગ્ન મારા પિતા સાથે થયાં. મારી માતાનો ઉછેર તે સમયના પૂર્વ બંગાળમાંથી આવેલા સરણાર્થી એવી એક વિધવા સ્ત્રીએ કર્યો હતો.

સરકાર દ્વારા મારા પિતાને તેઓ જિલ્લા રોજગાર અધિકાર હોઈ એક જીપ આપવામાં આવી હતી. તેમની કચેરીમાં કોઈ ગૅરેજ ન હતું તેથી જીપ મારા ઘર સામે જ રહેતી. મારા પિતા ઑફિસે જવા માટે જીપનો ઉપયોગ કરતા નહોતા. તેઓ કહેતા જીપ સરકાર દ્વારા આપવામાં આવેલો એક અતિ કીમતી સ્રોત છે—તેઓ વારંવાર કહેતા જીપ 'તેમની' (પોતાની) નહોતી, પણ તે સરકારની હતી. તેઓ ભારપૂર્વક તે જીપનો ઉપયોગ ફક્ત તે પ્રદેશના આંતરિયાળ કે દૂરના ભાગમાં જવા માટે જ કરતા અને સામાન્ય દિવસો દરમિયાન કચેરીમાં પગે ચાલીને જ જતા. તેઓ અમને પણ ક્યારેય જીપમાં બેસાડી ક્યાંય લઈ જતા નહિ. અમે એ જીપમાં ત્યારે જ બેસતાં જ્યારે તે જીપ અમારા ઘર સામે ઊભેલી હોય.

બાળપણમાં પિતા પાસેથી શીખેલો એ અમારો પહેલો પાઠ હતો—જે આજના કૉર્પોરેટ મૅનેજર્સ ખૂબ મહેનત બાદ શીખે છે અને ઘણાં તો ક્યારેય શીખતાં જ નથી!

એ જીપના ચાલકને પણ કચેરીના બીજા સભ્યો જેટલું જ માન આપવામાં આવતું હતું. નાનાં બાળકો એવા અમને શીખવવામાં આવેલું કે તેમને ક્યારેય નામ દઈને બોલાવવા નહિ. અમારે જ્યારે તેમને બોલાવવા હોય ત્યારે તેમના નામ પાછળ 'દાદા' એવું સંબોધન કરવાનું શીખવવામાં આવ્યું હતું. હું જ્યારે મોટો થયો અને મેં મારી પોતાની ગાડી

વસાવી અને 'રાજુ' નામનો ડ્રાઈવર રાખ્યો ત્યારે એ જ પાઠ મેં મારી નાનકડી દીકરીઓને શીખવ્યો. આથી, તેમની સહેલીઓ પોતાના વાહનચાલકોને 'અમારો ડ્રાઈવર' એમ કહી સંબોધે ત્યારે મારી દીકરીઓ પોતાના વાહનચાલકને 'રાજુ કાકા' કહીને સંબોધતી. જ્યારે હું કોઈ શાળા કે કૉલેજ જતા વિદ્યાર્થીને પોતાના ડ્રાઈવરને તુચ્છકારે સંબોધતાં જોઉં છું ત્યારે હું કમકમી જાઉં છું.

મારા માટે આ પાઠ ખૂબ મહત્ત્વનો છે— તમે તમારાથી નાના માણસોને તમે તમારાથી મોટા માણસોને આપતા હોવ એ કરતાં વધુ માન અને ઈજ્જત આપો. એ મહત્ત્વનું છે કે તમે તમારા ઉપરીઓને જે સન્માન આપો છો તે કરતાં વધુ તમારા હાથ નીચે કામ કરતી વ્યક્તિઓને આપવું જોઈએ.

મારા પિતાજીની જ્યારે જ્યારે બદલી થતી ત્યારે નવા ઘરે મારી માતા માટીનો ચૂલો બનાવતી. ત્યારે ગેસ કે ઈલેક્ટ્રિક સગડી જેવાં સાધનો નહોતાં. અમારી સવાર ચા સાથે શરૂ થતી. ચા પીતાં પીતાં મારા પિતા અમારી પાસે 'ધ સ્ટેટમેન' નું 'મુર્ફેસલ' વર્તમાનપત્ર જે એક દિવસ મોડું આવતું— મોટેથી વંચાવડાવતા. અમે શું વાંચતા, તેની ત્યારે અમને કંઈ ગમ પડતી નહોતી, પણ આ રોજનો ઘટનાક્રમ અમને એ વાતની પ્રતીતિ કરાવવા માટે હતો કે બહારનું વિશ્વ 'કોરાપુટ' જિલ્લા કરતાં  ઘણું વિશાળ હતું અને આજે હું અંગ્રેજી બોલી શકું છું, એક ઓરિયા શાળામાં ભણવા છતાં, એ આ રોજના ઘટના ક્રમને જ આભારી છે. વર્તમાનપત્ર વાંચી લીધા બાદ તેની સુઘડતાથી ગડી કરી અમારે મૂકવું પડતું.

પિતાજીએ એક સરળ પાઠ અમને શાખવેલો.



તેઓ કહેતા, 'તમારું વર્તમાનપત્ર અને તમારું જાજરૂ તમારે એવી સ્થિતિમાં રાખવાં જોઈએ, જેવા તમે બીજાઓને ત્યાં તે હોવાં જોઈએ એવી ઈચ્છા રાખતા હોવ (એટલે કે તમને તે જોઈને તરત વાપરવાનું મન થાય તેવાં સુઘડ અને સ્વચ્છ હોવાં જોઈએ).' આ પાઠ અપ્રત્યક્ષ રીતે બીજાઓ વિશે વિચારવાની વાત પણ શીખવતો હતો. ધંધાની શરૂઆત અને અંત આ સરળ વ્યવહારિક સિદ્ધાંત સાથે જ થતા હોય છે.

અમે નાનાં બાળકો હતાં તેથી છાપામાં રેડિયાની જાહેરખબર જોઈ હંમેશાં પ્રભાવિત થઈ જતાં કારણ ત્યારે અમારે ઘેર રેડિયો ન હતો. અમે લોકોને ઘેરે રેડિયો જોયો હતો આથી છાપામાં ફિલિપ્સ, મરફી કે બુશ રેડિયોની જાહેર ખબર જોતાં ત્યારે દરેક વખતે પિતાને પૂછતા કે આપણે ઘેર રેડિયો ક્યારે આવશે.

દરેક વખતે પિતાજી જવાબ આપતા આપણે ઘેર તેની જરૂર નથી કારણ મને ભગવાને પાંચ પાંચ રેડિયો (અમે પાંચ બાળકો) આપ્યા છે!

અમારું પોતાની માલિકીનું ઘર પણ ન હતું તેથી ઘણી વાર અમે પિતાજીને પૂછતા કે આપણું પોતાનું ઘર ક્યારે હશે? તે વખતે પણ તેઓ તે જ પ્રકારનો જવાબ આપતા કહેતા, 'આપણને પોતાના ઘરની જરૂર નથી. હું એક નહિ પાંચપાંચ ઘર ધરાવું છું.' આવો જવાબ સાંભળી અમે ખુશ તો નહોતા થતા.

છતાં પણ અમે શીખ્યાં કે પોતાની સફળતા અને સુખી હોવાની લાગણી ક્યારેય ભૌતિક સાધનો કે સંપત્તિ દ્વારા માપવાં જોઈએ નહિ.

સરકારી કર્મચારીઓને રહેવા માટે મળતા ઘરમાં ભાગ્યે જ ફૂલ–ફળની વાડી જેવું કંઇ જોવા મળે, પણ મારી માતાને તેનો ખૂબ શોખ. આથી જ્યાં જ્યાં પિતાની બદલી થાય તે જગ્યાએ મારી માતા અને હું નાના-નાના છોડવા ગોતી લાવીએ અને મારી માતા નાની એવી વાડી બનાવે. બપોરે જમ્યા પછી મારી માતા સૂતી નહિ. તે પોતાના રસોડાનાં સાધનો લઈ તેના દ્વારા મારી મદદથી માટીના ક્યારા બનાવતી. અમારા ઘરની આજુ–બાજુ અમે અનેક ફૂલછોડ વાવ્યા હતાં. કીડીઓ અને બીજા જંતુઓ ક્યારેક આ ફૂલ છોડને નુકસાન પણ પહોંચાડતાં, પણ મારી માતા ચૂલામાંથી રાખ લઈ તે માટીમાં ભેળવી અને ફરી પાછા બીજ વાવતી અને હવે કીડીઓ પણ આ ફૂલછોડને નુકશાન પહોંચાડી શકે તેમ નહોતી.

તે પછી ફરી એક વાર મારા પિતાની બદલીનો હુકમ આવ્યો. કેટલાક પાડોશીઓએ મારી માતાને પૂછ્યું, કે સરકારી ઘરને સુશોભિત કરવા તેણી શા માટે આટલી બધી મહેનત કરતી હતી? શા માટે તેણી ફૂલ ફળના છોડ ઉગાડતી જેનો લાભ અમારી બાદ જે નવા લોકો એ ઘરમાં રહેવા આવવાના હશે તેમને જ મળે તેમ હતું? મારી માતાએ જવાબ આપ્યો તેના માટે એ મહત્ત્વનું નથી કે તેને આ ફૂલ–ફળ સંપૂર્ણ ખીલેલાં જોવા નથી મળવાનાં. તેણીએ કહેલું, 'મને તો રણને પણ લીલુંછમ કરવાના કોડ છે અને હું જે જે જગ્યાએ જઈશ તે તે જગ્યાને હું પહેલા હતી તે કરતાં વધુ સુંદર બનાવ્યા બાદ જ છોડીને જવાનું પસંદ કરીશ.'

સફળતાનો એ પહેલો પાઠ હતો જે હું બાળપણમાં



શીખ્યો–તમે પોતાના માટે શું બનાવ્યું (કે પેદા કર્યું) તેનું મહત્ત્વ નથી, પણ પોતાની પાછળ શું મૂકીને જાઓ છો એ તમારી સફળતા નક્કી કરે છે.

હું ખૂબ નાનો હતો ત્યારે મારી માતાની આંખે મોતિયો આવ્યો. તે સમયે મારા સૌથી મોટા ભાઈને ભુવનેશ્વર યુનિવર્સિટીમાં ભણાવવાની નોકરી મળી અને તે સિવિલ સર્વિસીઝની પરીક્ષા માટે પણ તૈયારી કરતા હતા.

૨

ઘરથી દૂર તેમને ભુવનેશ્વર જવું પડે તેમ હતું તેથી એવું નક્કી થયું કે મારી માતા તેમની સાથે જાય અને હું પણ તેમની જોડે ટીંગાઈ ગયો. અહીં આવ્યા બાદ જીવનમાં પહેલીવાર મેં ઘરમાં વીજળી જોઈ અને નળમાં પાણી જોયું. આ લગભગ ૧૯૬૫ની વાત છે. તે સમયે ભારતનું પાકિસ્તાન સાથે યુદ્ધ ચાલુ હતું. મારી માતાની આંખે મોતિયો આવેલો તેથી તેમને વાંચવામાં તકલીફ પડતી અને આમેય તેઓ બંગાળી હતાં. તેથી તેમને 'ઓરિયા'ભાષા આવડતી નહતી તેથી મારાં રોજબરોજનાં કામોમાં એક કામ તેમને ત્યાંનું સ્થાનિક વર્તમાનપત્ર વાંચી સંભળાવવાનું પણ હતું. આખેઆખું વર્તમાનપત્ર. આ પ્રક્રિયાએ મારામાં વિશાળ એવા બાહ્ય જગત સાથે જોડાયાની લાગણી જન્માવી. મેં જુદીજુદી વસ્તુઓમાં રસ લેવા માંડ્યો. યુદ્ધ વિશેના સમાચારો વાંચતી વખતે મને લાગ્યું જાણે હું પણ યુદ્ધ લડી રહ્યો છું. હું મારી માતા સાથે આ બધા વિષયો પર ચર્ચા કરવા લાગ્યો.

આ રીતે અમો એક વિશાળ વાસ્તવિકતાનો ભાગ બની ગયા. આજ સુધી. હું મારી સફળતા એ વિશાળ એવા બાહ્ય

જગતના જોડાણ દ્વારા જ માપું છું.

એ દરમિયાન જ યુદ્ધ વ્યાપક બન્યું. ત્યારના વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ સૂત્ર આપ્યું, 'જય જવાન જય કિસાન' અને રાષ્ટ્રને દેશભક્તિના રંગમાં રંગી દીધું. વર્તમાનપત્ર વાંચી આપવા સિવાય મને તો ખ્યાલ સુધ્ધાં ન હતો કે આ ચળવળનો હું કેવી રીતે એક ભાગ હતો, પણ મને કંઈક કરવાનો જુસ્સો હતો. તેથી વર્તમાનપત્ર વાંચ્યા બાદ રોજ હું યુનિવર્સિટી પાસે આવેલી પાણીની મોટી ટાંકીમાં ઝેર ભેળવી દેશે અને બધા લોકો ઝેરી પાણી પીને મૃત્યુ પામશે પણ તેઓ એમ કરે તે પહેલાં હું તેમને પકડી લઈશ અને બીજે દિવસે મારું નામ બધાં વર્તમાનપત્રમાં ચમકશે! પણ દુર્ભાગ્યે, દુશ્મનો ક્યારેય ભુવનેશ્વરની તે ટાંકીતરફ ન આવ્યા અને મને કંઈ કરી દેખાડવાની તક ન મળી પણ આ ઘટના એ મારી કલ્પનાશક્તિ ખોલી નાંખી.

કલ્પનાશક્તિ જ સર્વસ્વ છે. જો આપણે ભવિષ્યની કલ્પના કરી શકીએ તો જ આપણે ભવિષ્યમાં કંઈક કરી શકીએ, કંઈક બની શકીએ. સફળતાની આ એક ચાવી છે.

તે પછીના થોડા વર્ષોમાં, મારી માતાની દૃષ્ટિ ક્ષીણ થતી ચાલી, પણ તેણીએ મારામાં એક વિશાળ દૃષ્ટિનું નિર્માણ કર્યું, એક એવી દૃષ્ટિ જેના દ્વારા હું જગતને આજે પણ જોઉં છું અને મેં અનુભવેલું કે મારી આંખોથી તે પણ જોતી હતી. થોડાં વર્ષો બાદ તેની દૃષ્ટિ સાવ જતી રહી.

અમારે તેનું ઓપરેશન કરાવવું પડેલું. મને યાદ છે જ્યારે તે ઑપરેશન બાદ ઘેર આવી અને તેમણે મારો ચહેરો ધારીધારીને પહેલી વાર જોયો ત્યારે તે આશ્ચર્યમાં ગરકાવ થઈ



ગઈ હતી. તેણે કહેલું, 'ઓ ભગવાન, મને ખબર જ નહતી કે તું આટલો મોટો છે!' આજ સુધી તેણે કરેલાં તે વખાણથી હું ખૂબ ખુશ થઈ જાઉં છું.

દૃષ્ટિ પાછી મળ્યાના કેટલાક અઠવાડિયામાં જ ફરી તેને આંખનો એક રોગ લાગું પડ્યો અને એકાએક તેને બંને આંખે અંધાપો આવ્યો. આ વાત ૧૯૬૯ની છે. તેણી ૨૦૦૨માં મૃત્યુ પામી. પણ આ ૩૨ વર્ષ દરમિયાન તેણે પોતાના અંધાપા વિશે કે પોતાના દુર્ભાગ્ય વિશે ફરિયાદનો એક હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો હોય એવું મને યાદ નથી. તેણીને અંધાપા બાદ પોતાની અંધ આંખો દ્વારા શું અને કેવું દેખાતું હશે. એ વિશે કુતૂહલપૂર્વક મેં પૂછ્યું. તેણે જવાબ આપ્યો, 'ના, મને અંધારું દેખાતું નથી. મારી આંખો બંધ હોય ત્યારે પણ મને તો પ્રકાશ જ દેખાય છે.' તેણી આઠ વર્ષની હતી ત્યારથી રોજ સવારે તે યોગાસન કરતી, પોતાના ઓરડામાં ઝાડુ વાળતી અને પોતાના કપડાં પોતે જ ધોતી. મારા માટે, સફળતા એ સ્વતંત્રની લાગણી છે, દુનિયાને જોવામાં નહિ પણ પ્રકાશેને જોવામાં છે.

એ પછીનાં વર્ષોની ઘટમાળમાં હું મોટો થયો, ભણ્યો-ગણ્યો, મેં ઉધોગ શરૂ કર્યો અને મારી જીવનયાત્રાનો એક નવા તબક્કાનો મારી મેળે પ્રારંભ કર્યો. એક સરકારી કાર્યાલયમાં કારકૂન તરીકે જોડાઈ મેં મારી કારકિર્દીની શરૂઆત કરી, આગળ જતાં ડી.સી.એમ. ગ્રૂપ સાથે જોડાઈ હું 'મૅનેજમેન્ટ ટ્રેઈની' બન્યો અને અંતે જ્યારે ૧૯૮૧માં ભારતમાં કમ્પ્યૂટર્સની ચોથી પેઢી આવી ત્યારે મેં આઈ. ટી.ઈન્ડસ્ટ્રીમાં ઝંપલાવ્યું. જીવને મને અનેક નવી જગ્યાએ જવાનો મોકો

આપ્યો. મેં સર્વોત્તમ લોકો સાથે કામ કર્યું, અઘરાં એવાં અનેક કાર્યો કર્યાં અને આખા જગતનું ભ્રમણ કર્યું.

૧૯૯૨માં, જ્યારે હું અમેરિકામાં એક હોદ્દો સંભાળી રહ્યો હતો ત્યારે મને જાણે થઈ કે મારા પિતા, જેઓ નિવૃત જીવન ગાળી રહ્યા હતા અને મારા સૌથી મોટાભાઈ સાથે રહેતા હતા, તેઓ ખૂબ ભયંકર રીતે દાઝી ગયા હતા અને તેમને ન્યૂ દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. હું તેમને મળવા ભારત આવ્યો. તેમની ગરદનથી પગના અંગૂઠા સુધી પાટાપિંડી કરેલા શરીર સાથે તેઓ કેટલાક દિવસો સુધી ગંભીર સ્થિતિમાં રહ્યા. સફદરજંગ હોસ્પિટલ એક ગંદી, અમાનવીય જગા હતી જેના ઓરડામાં વાંદા ફરતા હતા. દાઝેલાઓ માટેના વોર્ડમાં થોડી ઘણી નર્સો, પૂરતા સાધન સામગ્રીના અભાવે અને પૂરતી સંખ્યાના અભાવે હંમેશા આમથી તેમ દોડ્યા કરતી અને થાકી જતી. માનવતાનું તો જાણે અહીં નામોનિશાન ન હોતું.

૩

એક સવારે, પિતાજી પાસે ગયો ત્યારે મેં જોયું કે લોહીની એક બોટલ જે તેમને ચઢાવવામાં આવી હતી તે ખાલી થઈ ગઈ હતી. મને ડર લાગ્યો કે ક્યાંક હવા મારા પિતાની નસમાં જતી રહેશે તેથી મેં એક નર્સને બોલાવી તે બોટલ બદલવા કહ્યું તેઓએ ઉદ્ધતાઈથી મને તે મારી જાતે કરી લેવા જણાવ્યું. તે ખંડ જાણે મૃત્યુનો ઓરડો હોય એવો ભયંકર મને લાગ્યો. મને અનહદ દુ:ખ થયું અને ગુસ્સા અને નિરાશામિશ્રિત લાગણી અનુભવતો હું ત્યાં નિ:સહાય બેસી રહ્યો. અંતે જ્યારે તેણી પસ્તાવા સાથે પાછી આવી ત્યારે



મારા પિતાએ આંખો ખોલી ધીમેથી કહ્યું, ‘બહેન, હજુ સુધી તું ઘેર નથી ગઈ ?’ અહીં એક માણસ હતો જે મૃત્યુની પથારીમાં સૂતેલો હતો, પણ છતાં તેને સામે ઊભેલી કામના બોજાથી ત્રસ્ત નર્સની વધુ ચિંતા હતી. હું તેમના વિરક્ત અને તપસ્વી જેવા સ્વભાવથી આભો જ બની ગયો.

ત્યાં મને શીખવા મળ્યું કે બીજા માણસ માટે તમે કેટલી કાળજી લઈ શકો તેની કોઈ સીમા નથી હોતી.

મારા પિતા તે ઘટના બાદ બીજા જ દિવસે મૃત્યુ પામ્યા.

તેઓ એક એવી વ્યક્તિ હતી જેમની સફળતાની વ્યાખ્યા તેમના સિદ્ધાંતો દ્વારા, તેમની કરકસર વૃત્તિ દ્વારા, તેમની સરળતા તથા તેમની દરેક વસ્તુ સાથે જોડાણની ભાવના દ્વારા થઈ શકે. એ બધાંથી ઉપર, તેમણે મને શીખવ્યું કે સફળતા તમારી અગવડો વગેરેને અતિક્રમી જવાની તમારી ક્ષમતામાં છે પછી ભલેને ગમે તેવી સ્થિતિમાં હોય. જો તમે ઈચ્છો તો, તમારી સભાનતાને તમારી આજુબાજુના સંયોગો વગેરેથી ઉપર લઈ શકો છો. સફળતા ભૌતિક સુખ—સાધનો ભેગાં કરવામાં નથી.(જેવા કે રેડિયો જે તેમણે ક્યારેય ખરીદ્યો નહોતો કે ઘર જે તેમની પોતાની માલિકીનું ન હતું.) તેમની સફળતા હતી, તેમણે પોતાની પાછળ મૂકેલા વારસામાં જે ઓછા પગારવાળા, જેને ખાસ કોઈ ઓળખતુંયે નહોતું એવા એક સરકારી ચાકરની નાનકડી દુનિયાથી પર એવો એક માણસના સિદ્ધાંતોનો વારસો હતો.

મારા પિતા બ્રિટિશ રાજમાં દૃઢપણે માનનારા હતા. આઝાદી પછીના ભારતના રાજકારણના પક્ષો દેશમાં રાજ કેવી રીતે કરી શકશે તે વિષે તેઓ ખૂબ ચિંતીત હતા. બ્રિટિશ

રાજનું પતન તેમના માટે એક દુઃખની ઘટના હતી. જ્યારે મારી માતા તેમની તદ્દન વિરોધી વિચારસરણી ધરાવતી હતી. જ્યારે સુભાષચંદ્ર બોઝે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ છોડી દીધી અને તેઓ ઢાકામાં આવ્યા હતા ત્યારે મારી માતાએ જે એ સમયે શાળામાં ભણતી એક નાનકડી વિદ્યાર્થિની હતી, તેમના વર્ગમાં ફૂલોનો હાર પહેરાવ્યો હતો.

તેણી ખાદી કાંતતાં પણ શીખી હતી અને તેણે એક ભૂગર્ભ ચળવળમાં પણ ભાગ લીધો હતો. જેમાં તે તલવાર અને ખંજર કેમ વાપરવાં તે શીખી હતી. પરિણામે અમારા ઘરમાં રાજકારણ તરફના દૃષ્ટિકોણની બે વિવિધ વિચારધારા. વિશ્વને લગતા મોટામોટા પ્રશ્નો વિષે મારી માતા અને મારા પિતા જુદાંજુદાં મંતવ્યો ધરાવતાં હતાં.

આ દ્વારા અમે શીખ્યા કે કોઈ વિભિન્ન વિચારધારા ધરાવતા મનુષ્ય સાથે પણ કેવી રીતે જીવવું અને પરસ્પર અસંમતિ ફક્ત વાતચીત સુધી જ સીમિત રીખવી. સફળતા, કોઈ એક હઠીલી અંતિમ સ્થિતિનું નિર્માણ કરવામાં નથી, પણ તે બીજાના વિચારોને પણ અપનાવવામાં છે, વિભિન્ન વિચારધારા સાથે પણ આગળ વધવામાં છે.

મારી માતા બ્યાંસી વર્ષની ઉંમરનાં હતાં ત્યારે તેમને લકવાનો હુમલો થયો અને તેને ભુવનેશ્વરી સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી. હું ફરી એક વાર અમેરિકાથી ભારત આવી પહોંચ્યો, તેને મળવા માટે. તે લકવાગ્રસ્ત અવસ્થામાં જ હતી. તેવી સ્થિતિમાં હું તેની સાથે બે અઠવાડિયાં હૉસ્પિટલમાં રહ્યો. તેણીની તબિયતમાં જરા પણ સુધારો નહોતો કે તે હાલીચાલી પણ શકતી ન હતી.



છેવટે મારે ફરી પાછા કામે જવું પડ્યું. તેને મૂકીને જતી વખતે મેં તેના ચહેરાને ચૂમ્યો હતો. તે સમયે લકવાગ્રસ્ત અવસ્થામાં તૂટ્યાફૂટ્યા અવાજમાં તેણે કહેલું, 'તું મને શા માટે ચૂમે છે? જા અને બહારના વિશ્વને ચુંબન આપ.' તેની જીવન નદી, તેની યાત્રાના અંતિમ તબક્કામાં હતી, જીવન અને મૃત્યુના સુભગ સમન્વય પાસે. આ સ્ત્રી જે ભારતમાં એક શરણાર્થી તરીકે આવી હતી, જેનો ઉછેર વિધવા એવી માતાએ કર્યો હતો અને જે હાઈસ્કૂલથી વધુ ભણી પણ ન હતી, જે અતિ સામાન્ય એવા એક સરકારી નોકરને પરણી હતી. જેનો છેલ્લો પગાર ત્રણસો રૂપિયા હતો, દુર્ભાગ્યે જેણે બંન્ને આંખો પણ ગુમાવી દીધી હતી અને જેણે પોતાના જીવનમાં અનેક દુઃખો અને મુસીબતો વેઠ્યાં હતાં. તેણી મને જગતને ચુંબન કરવા કહી રહી હતી !

મારા માટે, સફળતા એક લક્ષ્ય રાખવામાં છે. દુઃખો વગેરેને અતિક્રમી જઈ ઉપર ઊઠવામાં છે. સપનું જોવામાં છે. નાના લોકો પ્રત્યે સંવેદના રાખવામાં છે, જગત સાથે જોડાણમાં છે, સચ્ચાઈમાં છે, પ્રમાણિકતામાં છે. જીવને તમને જે આપ્યું છે તે કરતાં કંઈક વધુ કરી પાછું તેને આપવામાં છે. સામાન્ય લોકો વચ્ચે રહીને જ અસામાન્ય એવું કંઈક કરવામાં આવે છે.

તમારા સહુનો ખૂબ ખૂબ આભાર. તમને બધાને મારી હાર્દિક શુભેચ્છા. જાઓ અને જગતને ચુંબન આપો.

**(ઈન્ટરનેટ કૉર્નરમાંથી સાભાર)**

# વાંચકોના પ્રતિભાવ

**તંત્રી**

[ડૉ. મહેશભાઇ પટેલ, ભરૂચ, અધ્યાત્મ વિષે પોતાનો પ્રતિભાવ જણાવ્યો છે, જે પ્રેરણાસ્પદ હોઇ, અત્રે રજૂ કરેલ છે. — તંત્રી]

અધ્યાત્મના અંકો નિયમિત મળે છે અને રસપૂર્વક વાંચું છું—ખૂબ જ આનંદ આવે છે. તંત્રીપદેથી આપ જહેમત ઊઠાવીને જે દુર્લભ સામગ્રીને સામાન્ય વાચક માટે સુલભ બનાવો છો તે પ્રશંસનીય છે.

પ્રો. તરલાબેન દેસાઇ અનુવાદિત પોલ બ્રન્ટન અને પૂ. રમણ મહર્ષિના વાર્તાલાપની "સભાન શાશ્વતી", પૂ. વિવેકાનંદજીનું ગુજરાત—રાજસ્થાન ભ્રમણ કે ડૉ. અભય-ભંગ જેવા કર્મયોગીની પ્રેરણાદાયી જીવનકથા ભાણ-દેવજીનું હિમાલય પરિભ્રમણ અને પૂ. યોગેશ્વરજીનું દેવ-પ્રયાગ તપ—આપ અમારા જેવા સામાન્ય ગૃહસ્થને આધ્યાત્મિક વિશ્વની સફર ઘેરબેઠા કરાવી રહ્યા છો.

પૂ. યોગેશ્વરજીનો જ્ઞાનયોગ, પૂ. માતાજીનો ભક્તિ-યોગ અને અનેક નામી—અનામી સંતોનો કર્મયોગ—આ ત્રણે યોગનો ત્રિવેણીસંગમ અધ્યાત્મના દરેક અંકમાં જોવા મળે છે.



આપની ટીમના સહાયકો શ્રી ડૉ. જાગાણીસાહેબ, શ્રી ગોરધનભાઇ તથા જ્યોત્સ્નાબેન બધાને હાર્દિક અભિ-નંદન પાઠવું છું.

આ સાથે હું મારા બે સ્નેહી પરિચિત સ્વજનોના સરનામા અને તેમને માટેના આજીવન લવાજમ પેટે રૂા. ૫૦૨ નો ભાવનગર ખાતે ચૂકવાય તેવો ચેક બીડી રહ્યો છું તે આપ સ્વીકારશોજી.

લોકભારતી સણોસરાના નિવૃત્ત નિયામક શ્રી કુમુદચંદ્ર ઠાકરે પણ આવો જ પ્રતિભાવ આપ્યો છે. તેમને પણ શ્રી ભાણદેવજી, શ્રી ડૉ. અભય બંગ, ડૉ. જાગાણી વગેરેના લેખો ગમ્યા છે, તો એક બેને એપ્રિલ, ૨૦૦૮ નો અંક વાંચી, પોતાની પ્રસન્નતા ફોન પર વ્યક્ત કરતાં કહ્યું, "અંબાજી ખાતેના કાર્યક્રમોની વિગત સરસ રીતે રજૂઆત પામી છે. અમને તે ગમી છે. વળી પૂ. મા સર્વેશ્વરીની સમંદરને પેલે પારની નોંધ જે ૪૪ અને ૪૫ મા પાના પર છે, તેને મેં મારી દૈનિક પ્રાર્થનામાં સમાવી લીધી છે."

"હે હરિ, મમત્વથી મુક્ત કરો, આસક્તિથી અળગા કરો, વિષયોને વ્યક્તિમાંથી વાળી લો, વિસ્તારથી વિરામ કરી દો, એક માત્ર આપના જ શ્રી ચરણોમાં કાયમકાજ વિશ્રામ ધરી દો એ અમારા સહુની પ્રાર્થના."

'શ્રી રમણ મહર્ષિ સાથેના વાર્તાલાપો'

# 'સભાન શાશ્વતી'

સંપાદન : પૉલ બ્રન્ટન—વેંકટશમૈયા
અનુવાદ : પ્રા. તરલા દેસાઈ

## પ્રકરણ—૧૩ : એકાગ્રતા

**પ્રશ્ન :** એકાગ્રતા સાધનાઓમાંની એક છે?

**મહર્ષિ :** 'એકાગ્રતા' એટલે એક જ વસ્તુ પર વિચાર કરવો એ નથી. ઊલટાનું આપણા સાચા સ્વરૂપના દર્શન માટે અંતરાયરૂપ સર્વ અન્ય વિચારોને દૂર હટાવવા તે છે. આપણા બધા પ્રયત્નો અજ્ઞાનના પરદાને ઊઠાવવાની દિશાના હોવા જોઈએ. હમણાં વિચારોને શાન્ત કરવા અઘરા લાગશે પણ અક્રિય અવસ્થામાં તેઓને સક્રિય કરવા અઘરા જણાશે! આ વસ્તુઓ આપણે વિચારવી જ શા માટે જોઈએ? કેવળ આત્મા જ છે. જો પદાર્થો હોય તો જ વિચારો કાર્યાન્વિત બને છે પણ જો પદાર્થો જ ન હોય તો વિચારો ઉદ્ભવી જ કેમ શકે? ટેવ આપણને માનવા પ્રેરે છે કે વિચારવાનું બંધ કરવું અઘરું છે. જો આ ભૂલ પકડાઈ જાય તો પોતાની જાતનો નિરર્થક વિધ્વંસ કરવા જેટલો મૂર્ખ મનુષ્ય નહિ બને.

**પ્રશ્ન :** પણ મન અમારા અંકુશની બહાર જતું રહે છે?

**મહર્ષિ :** કદાચ એમ હોય તેનો વિચાર ન કરો. જ્યારે તમને યાદ આવે ત્યારે તેને પાછું ખેંચો અને અંતર્મુખ કરો. એટલું પર્યાપ્ત છે. પ્રયત્ન વિના કોઈને સફળતા ન મળે. મનોનિગ્રહ એ કોઈનો જન્મસિદ્ધ અધિકાર નથી. થોડાક



સફળ થનારની સફળતા તેમના સતત પ્રયાસને આભારી હોય છે.

**પ્રશ્ન :** મને એકાગ્રતા અઘરી લાગે છે.

**મહર્ષિ :** અભ્યાસ સતત ચાલુ રાખો. તમારી એકાગ્રતા શ્વાસની જેમ સહેલાઈથી સિદ્ધ થવી જોઈએ. એક વસ્તુ પર તમારી જાતને સ્થિર કરો અને તેને દૃઢ રીતે પકડી રાખો. બધું સારું થશે.

એક વિચારને વળગી રહેવું એ ધ્યાન છે. એ એક વિચાર અન્ય વિચારોને દૂર રાખે છે. વિક્ષુબ્ધ ચિત્ત એ નિર્બળતાની નિશાની છે. સતત ધ્યાનથી એ બળ પ્રાપ્ત કરે છે. જેમ કે, આમતેમ ભટકતા વિચારો માટેની નિર્બળતા તે ત્યજી દે છે.

**સમસ્ત ભય અને ચિંતા ઈચ્છાઓનું પરિણામ છે.**
**ઈન્દ્રિયોથી મર્યાદિત થયેલા પ્રદેશનું જ જ્ઞાન**
**બુદ્ધિ આપી શકે છે.**
**ચિત્તનો વિક્ષેપ એ પ્રગતિના માર્ગમાં મોટી**
**નડતર જેવો છે.**

# પાલનપુરના બે સત્યનિષ્ઠ અને ધર્મનિષ્ઠ શ્રેષ્ઠીઓ

**સ્વામી જયાનંદ**

વિશ્વાનંદ સ્વામીના નિમંત્રણ સાથે દરબારની મંડળીને લઈને ૧૯૩૩ માં હું વળી પાછો ઉનાળામાં આબુ ગયો અને પહેલાંની ગુફામાં ઊતર્યો. આ વખતે પાલનપુરના કેટલાક મિત્રોનો પરિચય થયો. એમાંથી સૌથી પ્રસિદ્ધ ઝવેરી સુરજ-મલ લલ્લુભાઈ હતા. મુંબઈ, કોલકાતા, મદ્રાસ અને રંગૂનમાં એમની હીરામોતીની દુકાનો હતી. મોતીના વ્યવસાયમાં મુંબઈના ગોદડભાઈ પણ હતા. આ બધા જૈન લોકો હતા. છોટાલાલ હેમુભાઈ પ્રસિદ્ધ ધનવાન વેપારી છે અને એમના બનેવી એટલે સુરજમલભાઈ. આ સુરજમલજીના મકાનમાં પૂજ્ય મહાપુરુષજી (સ્વામી શિવાનંદજી) મુંબઈ આશ્રમની સ્થાપના પછી એકવાર ઊતર્યા હતા.

## સુરજમલભાઈ

તેઓ ઘણા ઉદાર અને ધર્મભાવનાવાળા હતા. એમનું જીવન અદ્‌ભુત હતું. તેઓ ગરીબ વિધવાના એક માત્ર સંતાન હતા અને ૧૪–૧૫ વર્ષની ઉંમરે અર્થોપાર્જન માટે મુંબઈ ગયા હતા. ત્યાં એમને હીરામોતીની એક દુકાનમાં હિસાબ–કીતાબ લખવાના કામ પર નોકરી મળી. મહિને ૧૦ રૂપિયા પગાર અને ખાવાનું મળતું. બે વર્ષ કામ કર્યા પછી એમને હીરામોતીની કસોટી કરવા માટેનું શિક્ષણ આપવામાં આવ્યું. અત્યંત શાંત સ્વભાવ, મૃદુભાષી, વિનયી, સત્યનિષ્ઠ



અને ધર્મભાવનાને લીધે તેઓ થોડા જ સમયમાં દુકાનદારના પ્રિય અને વિશ્વાસુ કર્મચારી બની ગયા.

લગભગ ત્રીજે વર્ષે એમના હાથે કોઈ ગ્રાહકની પાસે હીરા વેચવા મોકલ્યા. હિસાબ–કીતાબ લખતા હતા એટલે એની કીમત કેટલી થાય એ એમને ખ્યાલ હતો. જે મૂલ્ય કહેવામાં આવ્યું હતું તે થોડું વધારે હતું, જૂના ગ્રાહકને એનું મૂલ્ય વધુ લાગ્યું અને એમને પૂછ્યું : ‘છોકરા સાચી વાત કહેજે, આની કેટલી કીમત થાય? એ લોકો તો વધુ પૈસા માગે છે.’ જે સાચું હતું તે એમણે કહી દીધું. એને લીધે ગ્રાહકે ગુસ્સે થઈને ગાળો ભાંડીને એને પાછો મોકલી દીધો અને કહી પણ દીધું : ‘કોઈ પણ દિવસ આ દુકાનદાર સાથે સંપર્ક–સંબંધ નહિ રાખે.’

તેઓ માલ લઈને પાછા આવ્યા અને જે બન્યું હતું તે કહ્યું. ત્યારે દુકાનદારે ક્રોધિત થઈને કહ્યું : ‘ધર્મપુત્ર યુધિષ્ઠિર થઈને ક્યાં આવ્યા છો? શું આ દુકાનનું નિલામ કરાવશો? એની કીંમત કેટલી થાય એ એને શા માટે કહ્યું. સાચું કહીને કાંઈ ધંધો ચાલે ખરો?’ સુરજમલે કહ્યું : ‘શું કરું, હું જાણતો હતો એટલે કહી દીધું. ભાઈ સાહેબ, સાચું બોલવાથી ધંધો ન થાય? શું વ્યવસાયમાં સત્યને સ્થાન જ નથી?’ દુકાનદારે કહ્યું: ‘જા તો ખરો, સાચું કહીને હીરા વેંચી આવ તો હું જોઉં અને વેચી શકો તો એ રૂપિયા તારા, જાઓ.’ બસ સુરજમલજી બહાર નીકળી ગયા. દસ દિવસ અહીંતહીં ફર્યા પછી એક ઘડિયાલવાળાએ એ હીરા ખરીદીને કહ્યું : ‘છોકરા તું આ પથનો માણસ નથી. જે સાચો ભાવ લાગતો હોય એ બતાવવો ન જોઈએ. જે લેશો એ જ કહેશો. જો કોઈ માણસ

પૂછે અને જો ખોટું ન કહી શકો તો આટલું કહેજો ભાઈ, હું આના આટલા પૈસા લઈશ.' થોડીવાર પછી એણે ઉમેર્યું : 'ક્યારેક ક્યારેક તે નાના નાના હીરા ખરીદી શકે છે.' એ વાત તેમણે મનમાં રાખી. શ્રીભગવાનની દયાથી આ ઘડિયાલવાળાની મુલાકાતથી એમના હીરાના ધંધાનો પાયો નંખાયો. એને મળેલી રકમથી એમણે કમીશન પર હીરા લઈને વેંચવાનો ધંધો શરૂ કર્યો. પેલા ઘડિયાલવાળા મારફત એમને કેટલાક સ્થાયી ગ્રાહક પણ મળી ગયા. વળી એકવાર મુંબઈના કોઈ પારસી ધનિક ઝવેરીની દુકાનમાંથી એક પાર્ટીને ૨૦–૩૦ હજાર રૂપિયાના હીરા ખરીદવા હતા. પેલો ઘડિયાલવાળો એ પાર્ટીથી પરિચિત હતો. એણે સુરજમલની સત્યનિષ્ઠાની વાત કરી. એમની મારફત જ હીરા ખરીદવાનું કહી દીધું. એમણે એટલું કહેવડાવ્યું હતું કે એ સત્યનિષ્ઠની સાથે જ હીરા મોકલે. નાની ઉંમર હતી પણ હતા હોશિયાર. એ વખતે દુકાનદાર પારસી ઝવેરીને થોડો ડર તો લાગ્યો પણ કંઈ ઉપાય ન હતો. પારસી વેપારીએ સુરજમલને કહી દીધું કે આની કિંમત આ છે અને પડતર કિંમત વિશે કંઈ ન કહેવું. સુરજમલ હીરા લઈને પાર્ટી પાસે ગયા. પાર્ટીને હીરા પસંદ આવ્યા પરંતુ હીરા ખરીદતા પહેલાં પાર્ટીએ સુરજમલને જ એ હીરાઓ તપાસી આપવા કહ્યું. હીરા તપાસીને સુરજમલે કહ્યું: 'ભાઈ આમાં આટલી ખામી છે. એટલે તમે કહો છો એટલી કિંમત હોઈ ન શકે. આ હીરા બીજી કક્ષાના છે.' વળી સુરજમલે તેમને એમ પણ કહ્યું : 'આ હીરાઓમાં જે કંઈ ખામી હોય તો હું એને બદલીને બીજા દઈ જઈશ.' આ સાંભળીને પાર્ટીવાળા તો અવાક્ થઈ ગયા. આટલો બધો



સૂક્ષ્મદોષ જોવાની શક્તિ તો કેવળ હીરાના ઉસ્તાદોમાં જ હોય છે. બીજા આવો દોષ જોઈ ન શકે. એમને તો આ હીરા પસંદ પણ આવી ગયા હતા અને એના રૂપિયા પણ આપી દેત. પરંતુ એ તો દેવ જેવા સુરજમલ હતા કે જેમને લોભ-લાલચ ન હતી. પારસી દુકાનદાર પણ સુરજમલની આ સત્યનિષ્ઠા જોઈને અવાક્ થઈ ગયો. એને પણ એમના પર શ્રદ્ધા આવી ગઈ. એમણે હીરા બદલી આપ્યા. પછીથી એ પાર્ટીને લીધે સુરજમલને બીજા કેટલાય હીરા ખરીદનારા મળ્યા અને બધા સુરજમલને ચાહતા. એમના દ્વારા જ હીરા ખરીદવાનું ઈચ્છતા. પછી ક્રમશઃ એ જ દુકાનના તેઓ ભાગીદાર બન્યા અને સારું એવું ધન એકઠું થતાં પોતાની હીરાની દુકાન ખોલી. જીવનના બાકીના દિવસો સુધી એમણે સત્યનિષ્ઠા છોડી નહિ. આમ હોવા છતાં પણ તેઓ હીરા-પન્નાના વેપારમાં લાખો રૂપિયા કમાયા. એમના જીવનની બીજી એક ઘટના એમના મૃત્યુ પછી ગોદડભાઈએ વર્ણવી હતી. એ ઘટના પણ મજાની છે.

એકવાર કેટલાક વેપારીઓએ મળીને થોડા હીરામાણેક-મોતી બીજા દ્વારા મંગાવ્યા. ગોદડભાઈ પણ એમાંના એક હતા. સુરજમલભાઈના નામે જ એમની દુકાન મારફત આ હીરા મગાવ્યા હતા. એમાં સુરજમલનો ભાગ જ વધારે હતો. જ્યારે માલ આવ્યો ત્યારે તેઓ મદ્રાસ કે બીજે કોઈ સ્થળે ગયા હતા. પાછા ફર્યા ત્યારે પાંચ–છ મહિના વીતી ગયા હતા. અહીંના કસ્ટમમાં ત્યાંના ખરીદ મૂલ્ય પર કર લેવામાં આવ્યો. અને એ કરવેરો ત્રણેક હજાર રૂપિયા જેટલો ઓછો હતો. ભાગીદાર એનાથી રાજી થયા. સુરજમલ પાછા ફરીને

નામું—ઠામું જોતા હતા ત્યારે એમના ક્લાર્કે આ વાત કહી. ભાગીદારોએ અરસપરસમાં ખર્ચ વેંચી લીધો. એમણે ગંભીર-ભાવે ભાગીદારોને કહ્યું : 'આ તે કેવી વાત! આ ભૂલની વાત તમે ઓફિસરોને કેમ ન કહી? સરકારને જે રૂપિયા મળવા જોઇતા હતા એ રૂપિયા સરકારને પાછા આપવા પડે. જાઓ, બધી વાત ઓફિસરને બતાવી દો.' આ સાંભળીને બધા આશ્ચર્યચકિત થઇ ગયા. હાથમાં આવેલું ધન અને એમાં એનો દોષ હતો જ નહિ, સરકારની ભૂલથી જ થયું હતું અને વળી આટલા દિવસ પછી એ બધા પૈસા પાછા આપી દેવા! બધાએ પોતાની વ્યાપારી મનોવૃત્તિ પ્રમાણે એવું કરવા ના પાડી. પરંતુ સુરજમલે કોઇની વાત ન સાંભળી અને કહ્યું કે પૈસા પાછા આપવાના છે એટલે તેઓ પોતે જ જઇને એ બધી રકમ ભરપાઇ કરી દેશે અને ભવિષ્યમાં એમની સાથે કોઇ માલ નહિ મગાવે. સુરજમલની આ વાત સાંભળીને બધા કહેવા લાગ્યા કે એ રકમ સરકારની તિજોરી ભરવામાં સહાયરૂપ થશે અને કેટલીય સમસ્યાઓ ઊભી થઇ શકે. એટલે આ રૂપિયા કોઇ ધર્મકાર્યમાં આપી દેવા એ સારું હોય.

આ વાત સાંભળીને સુરજમલભાઇએ કહ્યું : 'તમે શું વાત કરો છો? ખોટે રસ્તે મેળવેલું ધન ક્યારેય ધર્મ કે સત્ય કાર્યમાં વાપરી શકાય? અસત્યવસ્તુ ક્યારેય સત્કાર્યમાં લગાડી શકાતી નથી. જો એ કોઇ પણ ધર્મકાર્યમાં આપી દઇએ તો એનાથી એ વસ્તુ લેનારનું અનિષ્ટ થઇ શકે છે. કદાચ એમના જીવનમાં અશુદ્ધિ, અપવિત્રતા ઊભી થાય અને આ તો પાપકાર્ય કહેવાય. આવા કાર્યમાં હું ન પડું.' આમ કહીને એમણે કહ્યું : 'તેઓ તો એ રકમ સરકારને પાછી આપશે.'



અંતે બધાએ સહમત થવું પડ્યું અને સુરજમલભાઇ પ્રત્યે એમને બમણી શ્રદ્ધા જન્મી. પછી કમિશ્નર સાહેબ પાસે ગયા. એમને બધી વાત સમજાવી અને નીચેના ઓફિસરને કાંઇ નુકસાન ન થાય એવી વ્યવસ્થા કરીને રૂપિયા તિજોરીમાં જમા કર્યા. કમિશ્નર તો આશ્ચર્યચકિત થઇ ગયા. એક વેપારી, આવો સત્યવાદી હોઇ શકે ખરો?

કમિશ્નરે કહ્યું : 'સુરજમલભાઇ, તમે સામાન્ય માનવ નથી. જીવનમાં મેં તમારા જેવો બીજો કોઇ નિર્લોભી અને સત્યનિષ્ઠ માણસ નથી જોયો.' ભાગવતમાં તુલાધાર વૈશ્યની વાત આવે છે. એમનું જીવન એ તુલાધાર કરતાં અંશમાત્ર પણ ઊતરતું ન હતું. તેઓ સર્વધર્મસમાનતાના ભાવથી પ્રભાવિત થયા હતા. તેઓ જૈન હતા છતાં પણ શ્રીઠાકુર, સ્વામીજી અને રામતીર્થ પ્રત્યે અત્યંત શ્રદ્ધા રાખતા હતા. એમણે પાલનપુરમાં એક બગીચો અને મકાન બનાવ્યાં હતાં. અહીં બધા સંપ્રદાયના સાધુ—સંન્યાસીઓ જઇને પોતપોતાના ભાવભક્તિ પ્રમાણે રહી શકતા. આવી વ્યવસ્થા જાળવવાનો એનો દૃઢ સંકલ્પ હતો. પરંતુ એવું થાય એ પહેલાં જ એમનું મૃત્યુ થયું અને એ કાર્ય અધૂરું રહી ગયું. ધન્ય છે સુરજ-મલભાઇ!

### ગોદડભાઈ

ગોદડભાઇ પણ જૈન હતા અને હમણાં જ એમનું અવસાન થયું છે. એમનું જીવન પણ પવિત્ર, શુદ્ધ અને સાત્ત્વિક હતું. એકવાર આબુમાં આ લોકોએ મારી સમક્ષ એક વ્રત લીધું હતું—એક વર્ષસુધી અસત્ય નહિ બોલે, જેટલીવાર આ વ્રત તૂટે એને લખી રાખશે અને વર્ષના અંતે હું ફરીથી

આબુમાં મળું ત્યારે એના પર વિચાર કરવો. હું જે દંડ કરું તે તેઓ માની લેશે.

ત્રણ લોકોએ વ્રત લીધું હતું અને માત્ર ગોદડભાઈ જ એ વ્રતનું પાલન કરી શક્યા હતા. એ વર્ષના અંતે જ્યારે આબુમાં મારી મુલાકાત થઈ ત્યારે મને એ વ્રતની વાત યાદ ન હતી. પણ ગોદડભાઈએ જ એ વાતની યાદ અપાવી. બીજા બધા સાવ નિષ્ફળ ગયાનો સ્વીકાર કરીને બોલ્યા કે એમણે એ વ્રત મનથી માનીને લીધું ન હતું. એમણે તો એવું વિચાર્યું હતું કે એક વાતની વાત છે.

ગોદડભાઈએ કહ્યું : 'મેં વ્રત લીધું હતું અને એક વર્ષમાં કેવળ પાંચ વાર લોભ વશ થઈને ખોટું બોલ્યો હતો. એક મોતીના સોદામાં ખોટું કહીને સારો એવો નફો થયો હતો. હવે જે દંડ કે સજા હોય તે હું સ્વીકારવા તૈયાર છું. વળી એ સજા કે દંડ મારી શક્તિમત્તાની બહારનું ન હોય.' બીજા ઘણા ઉત્સાહિત થઈને અનેક પ્રકારના અભિપ્રાય દેવા લાગ્યા. મેં સમજી વિચારીને દંડ કર્યો—તેઓ પોતાના ગામમાં એક નિશાળ બનાવશે અને ગરીબોને વિદ્યાદાન આપશે. પોતાના ગામમાં આવી કોઈ વ્યવસ્થા ન હતી. તેઓ એ સમયે રાજી થયા અને એક વિશ્વાસુ શિક્ષકની માગણી કરી. ઈશ્વર કૃપાથી ત્યાં એક સેવાભાવી ગુજરાતી યુવક હતો. તે એમનો સુપરિચિત હતો, એમની પોતાની જાતિનો હતો અને પાલનપુર રાજ્યનો જ હતો. એટલે શિક્ષક થવા માટે તે રાજી થયો. આ પછીના બે મહિના પછી જ કામ શરૂ થયું અને એ વિદ્યાલય સાગરાસના ગામમાં અત્યારે પણ સારી રીતે ચાલે છે.

**(મારા ગુજરાત પરિભ્રમણમાંથી)**



# છૂટાં પડી શકો છો

છૂટાં પડી શકો તો છૂટાં પડી શકો છો.

દિલમાં તમોને સ્થાપ્યાં, મમતાની સાથે માપ્યાં,
છો રોમરોમ વ્યાપ્યાં, ક્યાંથી જશો હવે તો?

તોયે કહો તમે કે છૂટાં હવે પડીશું,
આ કાળના પ્રવાહે ક્યારે કહો મળીશું!
ના દેશકાળ પાડે છૂટાં કદીય ઉરૂને,
તન છો પડે અલગ પણ રાખીશું સાથ મનને.
છૂટાં પડી શકો તો૦

તપના પવિત્ર તીર્થે સંયમતણી સુ—સરિતા,
મંદિર રચ્યું પ્રણયનું ગાતાં રસાળ કવિતા,
પૂજીશું પ્રેમે નિશદિન, ત્યાં આરતી ઉતારી,
નૈવેદ્ય દિવ્ય ધરશું નિયમો સમસ્ત પાળી.

પ્રતિપળ સમીપ શ્વાસોશ્વાસે મળી રહીશું,
સરિતા ને સિંધુસરખાં સંગમમહીં વહીશું,
હું તો પડી શકું ના, જાણો તમે તમારી,
હૃદયે સદા રમો છો ક્યાંથી ને ક્યાં જશો આ.
છૂટાં પડી શકો તો૦

**— યોગેશ્વરજી**